# ઈમામ અહમદ રઝા
# એક સર્વ ક્ષેત્રિય શખ્સિયત

અઝ : હઝરત મૌલાના કૌષર નિયાઝી (પાકિસ્તાન)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા—માસિક)

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡکَرِيۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيۡكَ وَسَلَّمَ

બિરાદરાને મિલ્લતે ઈસ્લામિયા ! જેમ કે તમને ખબર છે કે હું અસલમાં અહીં હૈદરાબાદમાં ઈદે મીલાદુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના એક જલસામાં બયાન કરવા માટે હાજર થયો હતો. હૈદરાબાદમાં મુંબઈના કેટલાક ભાઈઓએ સંપર્ક કર્યો અને એ ઈચ્છા પ્રદર્શિત કરી કે અહીં આવીને હું આ વિષયે મારા વિચારો રજૂ કરું. મિયાં કમર ઝાહિદ જેમના માટે મારા દિલમાં ઘણુ માન છે તેમની પણ એ ઈચ્છા હતી અને કેટલાક મિત્રોને મળવાનુ પણ આ એક બહાનુ મળી ગયું અને હું હાજર થઈ ગયો. મુશ્કેલી એ છે કે એક એવી શખ્સિયતના બારામાં મારે મારા

ખયાલો પ્રદર્શિત કરવા પડી રહ્યા છે જે ઘણી જ પાસાદાર છે, ઘણી જ વિવિધલક્ષી છે, સર્વ ક્ષેત્રિય ખૂબીઓનો સંગમ છે, અને શાયરે કહ્યું : **અય તૂ મજમૂઆએ ખૂબી બચેહ ના મત ખ્વાહમ** (એ કે તું ખૂબીઓનો સંગમ છે, તને હું શું નામ દઉં !)

## ★ આ'લા હઝરત શું છે ?! ★

શાહ અહમદ રઝા ખાં બરેલ્વી رحمۃ اللہ علیہ એક જ સમયે મુસન્નિફ (લેખક) પણ છે, મુબલ્લિગ પણ છે, ફાઝિલ પણ છે, મુઅલ્લિમ પણ છે, મુજદ્દિદ પણ છે, મુહદ્દિષ પણ છે, મુફસ્સિર પણ છે, મુતકલ્લિમ પણ છે.

આજે દરેક વ્યક્તિ લેખક બની જાય છે, આલિમ ફાઝિલ કહેવડાવે છે : કહેવાત પ્રખ્યાત છે : ''ઉંદરને સૂંઠની ગાંઠ મળી ગઈ અને તેણે ગાંધીની દુકાન ખોલી નાખી !'' આજે આપણામાં દરેક વ્યક્તિ લેખક તથા મુહક્કિક઼ તથા આલિમ ફાઝિલ છે પણ ઈમામની કિતાબોની સંખ્યા લગભગ એક હજાર છે. એમાંથી ઘણી કિતાબો તો હજી ઈમામ અહમદ રઝાના ચાહકોએ પ્રકાશિત પણ નથી કરી ! અને હું એક તાલિબે ઈલ્મ છું અને કિતાબોથી જ મારો સંબંધ રહે છે. મારા ઘરમાં એક નાની સરખી લાયબ્રેરી છે એમાં દસ હજાર કિતાબો છે અને મારું આખુ જીવન લાયબ્રેરીમાં પસાર થયું છે. **હું દા'વા સાથે કહું છું કે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબોની શાન એ છે કે એમાં જે ઈલ્મો છે તે કિતાબોના દરેક પાનાએથી વર્તમાનકાળની એક કિતાબ બની શકે છે,** પણ આપની બેનફ્સી તથા આજિઝીની હાલત એ છે કે પોતે પોતાને તુચ્છ ગણે છે. કહે છે કે હું કેવળ એક કળા વિદ્યામાં કામિલ છું અને તે કલા છે ફન્ને નક્સ તથા નુકસાનની કલા છે. હું કોઈ અન્ય વિદ્યામાં કામિલ નથી !

**કિસ મુહંસે કહૂં રશ્કે અનાદિલ હૂં મૈં**
**શાઈર હૂં ફસીહ બેમમાષિલ હૂં મૈં**
**હક્કા ! કોઈ સનઅત નહીં આતી મુઝકો**
**હાં ! યે કે નુકસાનમેં કામિલ હૂં મૈં**

કહે છે કે મને કમાલ પ્રાપ્ય છે પણ કેવળ એક ચીજમાં કે હું બેકમાલીમાં અજોડ અને બાકમાલ છું ! એટલે કે મારામાં એવો કોઈ કમાલ નથી કે :–

**મહસૂર જહાં દાની વ આલી મેં હૈ**
**ક્યા શુબ્હા રઝાકી બેમિષાલીમેં હૈ**
**હર શખ્સકો એક વસ્ફમેં હોતા હૈ કમાલ**
**બંદેકો કમાલ બેકમાલીમેં હૈ !**

## ★ એક અજોડ લેખક તથા ફક઼ીહ ★

ફક઼ીહ તથા મુફતી એટલા મહાન હતા કે કશીય અતિશયોક્તિ વિના તેમને **અખંડ ભારતના ઈમામ અબૂ હનીફા** કહેવામાં આવી શકે છે. તેર વરસ, દસ મહીના અને ચાર દિવસની ઉમરમાં પહેલો ફત્વો આપ્યો અને ૫૪ વરસ સુધી ફત્વા લખવામાં વ્યસ્ત રહ્યા. બાર ભાગો તેમની "ફત્વાએ રઝવિય્યહ્"ના છે, જેમાંથી બારેવ ભાગો છપાઈ ચૂકયા છે. અને દરેક ભાગ મોટી સાઈઝના લગભગ હજાર પેજ ધરાવે છે. અને ચાર ભાષાઓમાં ફત્વાઓ છે, ઉર્દૂ, અરબી, ફારસી તથા અંગ્રેજી, અને હિન્દી પણ તમે સામેલ કરી લો કેમ કે તેના શબ્દો પણ એટલા પ્રમાણમાં અસંખ્ય રીતે આ'લા હઝરતે પોતાના ફત્વાઓમાં વાપર્યા છે કે તે એક અલગ ભાષાની હૈસિયતથી સામેલ કરી શકાય છે. તો આ પાંચ ભાષાઓમાં ફત્વા છે જે ઈમામે આપ્યા હતા.

અને આશ્ચર્યની વાત એ છે કે જો ગદ્ય (પાઠ)માં સવાલ આવ્યો છે તો ગદ્યમાં જવાબ આપ્યો છે અને પદ્ય (કાવ્ય)માં સવાલ આવ્યો છે તો પદ્યમાં જવાબ આપ્યો છે. અને લકીરના ફત્વા નહીં કે જે આગલાએ કહ્યું બસ ! તેના પર પોતાનો અંગૂઠો લગાડી દીધો ! નહીં...! પહેલાંના ફક઼ીહોના સંશોધનમાં ઉમેરો કર્યો. હજાર વરસોમાં જે ફત્વાઓ ફેલાયેલા હતા અને તે સૌ મુફતીઓએ ફક઼ીહોએ દરેક યુગમાં જે ફત્વાઓ આપ્યા છે તે સૌની સરખામણી કરતાં આ'લા તથા ઉચ્ચ છે. દ્દષ્ટાંત રૂપે અર્ઝ કરું છું કે તે સૌએ મળીને માટીના તે પ્રકારો કે જેનાથી તયમ્મુમ જાઈઝ છે તેની સંખ્યા ચોર્યાસી (૮૪) લખી છે, અને આ'લા હઝરતે પોતાની રીસર્ચ વડે પોતાના સંશોધનથી એક જ મુફતી હોવા છતાં એમાં એકસો સાત (૧૦૭) પ્રકારોનો વધારો કર્યો. માટીના તે પ્રકારો જેનાથી તયમ્મુમ કરવું નાજાઈઝ છે, તો આગલાઓએ તેની સંખ્યા અઠ્ઠાવન (૫૮) સુધી દર્શાવી છે, પણ ઈમામ અહમદ રઝાએ સંશોધન કરીને તે સંખ્યાને એકસો ત્રીસ (૧૩૦) સુધી પહોંચાડી આપી.

હક઼ીક઼ત એ છે કે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફનાફિર્રસૂલ હતા, તેમની જાત બાકી ન હતી. તેમણે પોતાના ફતાવાનું જે નામ રાખ્યું તે પણ એ જ રાખ્યું કે **"અલ્ અતાયન્નબવિય્યહ્ ફીલ્ ફતાવર્રઝવિય્યહ્"** આ જે ફત્વા આ'લા હઝરતના છે કે તે કહે છે આ અતાએ નબુવ્વત છે, (નબીની અતા છે) મારો કાંઈ કમાલ નથી, મને જે ફયૂઝ મળ્યો છે તે મુસ્તફા ﷺના દરથી મળ્યો છે.

"ફતાવાએ રઝવિય્યહ્"ના પહેલા ભાગમાં અરબી ખુત્બો છે, **એવો લાજવાબ ખુત્બો મેં જિંદગીમાં નથી જોયો** જેમાં ફિક઼્હની તમામ મશહૂર કિતાબોનાં નામો એવી રીતે જડયાં છે જેવી રીતે અંગૂઠીમાં નગીના જડેલા હોય છે ! તે પણ મહેનતથી સજાવટ કરીને નહીં કે નામો

નામને ખાતર એમાં આવેલ છે, બલ્કે એવું લાગે છે કે વાક્યનો હિસ્સો છે જે ભાવાર્થની અદાયગી કરી રહ્યો છે, એવા અંદાઝમાં તે નામો આપેલાં છે. અને એ ખુત્બામાં આપ ઈર્શાદ ફર્માવે છે : તર્જુમો કરી રહ્યો છું કે, "મેં આ નામ શા માટે રાખ્યાં છે ? મેં આ નામ એટલા માટે રાખ્યાં છે કે હું તેમનો "નામ લેવા" છું અને તેમનો તુફૈલી છું, તેમનાથી જ લઉં છું અને ફાયદો મેળવું છું. મારા પર જે ફયઝ આવે છે તે તેમનાથી જ આવે છે, એની બરકતથી મૌલાએ મારા પર દરવાજા ખોલી આપ્યા અને સબબો આસાન કરી આપ્યા.

## ★ ફક્ત યાદદાશ્તથી લખેલ કિતાબ ★

અલ્લાહ તઆલાએ યાદ શક્તિ આપને આપી હતી ! એવું લાગે છે કે **આયતુમ મિન આયાતિલ્લાહ** હતા. અલ્લાહ તઆલાની નિશાનીઓમાંથી એક નિશાની હતા. અલ્લાહ તઆલાએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ને તે ગુણો આપ્યા કે જે સામાન્ય લોકોમાં નથી જોવા મળતા. એવી યાદ શક્તિ અતા કરી કે હાફિઝ જ્યારે બન્યા ત્યારે રોજ એક પારો યાદ કરી લીધો અને **ત્રીસ દિવસમાં હાફિઝે કુર્આન બની ગયા !**

અને જ્યારે આપ હિજાઝ ગયા છે અને ત્યાં **ઈલ્મે ગયબના મસ્અલા** પર કાંઈ વાત ચાલી છે, ચર્ચાઓ થઈ છે, વાંધાઓ ઉઠયા છે, તો જે કિતાબ લખી છે **એ વિષય પર આવી લાજવાબ કિતાબ મારી નજરેથી નથી ગુજરી અને હું દા'વાની સાથે કહું છું કે અરબી, ઉર્દૂ તથા ફારસીના ઝખીરામાં નથી,** તે છે "**અદ્દવલતુલ મક્કિયહ્.**" એ સફરમાં આપની પાસે કોઈ કિતાબ વગેરે ન હતી ! કેવળ યાદશક્તિના બળ પર જે હવાલાઓ આપ્યા છે, જે લખાણો આપે રજૂ કર્યાં છે તેને

માણસ જુએ છે તો બુદ્ધિ દંગ રહી જાય છે ! કે ઈમામ અહમદ રઝા رحمۃاللہ علیہને આ યાદ શક્તિ ક્યાંથી મળી !

વળી ફક઼ીહ હોવાની સાથોસાથ આપ સૂફીએ બાસફા પણ હતા, પીરે તરીક઼ત પણ હતા. હઝરત શાહ આલે રસૂલ મારહવી رحمۃاللہ علیہ થી બયઅત થયા અને તેરથી અધિક સિલસિલાઓમાં આપને ઈજાઝત મળી, ખિલાફત મળી. **જેટલા સિલસિલા તસવ્વુફના છે તે તમામ સિલસિલાઓથી આપનો સંબંધ અને આપનો તઅલ્લુક હતો અને તે સર્વથી આપે ફ્યૂઝ હાંસલ કર્યો.**

## ★ આપનો શાઈરાના કમાલ ! ★

અને ઈમામ અહમદ રઝા رحمۃاللہ علیہ શાઈર પણ હતા, એવા મહાન શાઈર કે **જો કેવળ શાઈર જ હોત અને બીજું કાંઈ ન પણ હોત તો પણ અદબ (સાહિત્ય)ની દુનિયામાં તેમનો પરચમ ચો તરફ વિશ્વના ખૂણે ખૂણે લહેરાય રહ્યો હોત !** એ તો પૂર્વગ્રહનું બુરુ થાય કે આપણામાં ફિર્કાબંદીઓ છે, પૂર્વગ્રહની નજરથી જોવામાં આવે છે. મહાન મહાન શાયરોને તથા સાહિત્યકારોને ખબર નથી કે શાઈર ઈમામ અહમદ રઝા رحمۃاللہ علیہ કેટલા મહાન શાઈર હતા. અત્યાર સુધીમાં બે શાઈરો એવા થયા છે જેમણે ત્રણ ભાષાઓમાં શેઅરો કહ્યા છે, અમીર ખુસરૂ છે તથા જામી, પણ **આ'લા હઝરતે ચાર ભાષાઓમાં શેઅર કહ્યા છે જેમાં ફારસી પણ છે, ઉર્દૂ પણ છે, અરબી પણ છે અને હિંદી પણ છે.** એ ચારેવ ભાષાઓ પર આપને એક સરખુ પ્રભુત્વ તથા નિપૂણતા પ્રાપ્ય છે કે જે ભાષાનો જાણકાર તે શેઅરો પઢે તો તે સમજે જાણે કોઈ તેની માતૃભાષાવાળો જ કહી રહ્યો છે. અને એક વિશિષ્ટતા આપની શાઈરીમાં એ છે કે જેટલા શાઈરો છે શરૂથી લઈને આજ સુધી અને એમાં અમીર ખુસરૂ હોય કે સઅદી હોય, જામી હોય કે

ઈક઼બાલ હોય કોઈની વિશિષ્ટતા નથી, તમામે તમામ એવા છે કે જેમણે દરેક પ્રકારનો શેઅર કહ્યો છે, ગઝલકારી પણ કરી છે, નઅત પણ કહી છે, ક઼સીદા પણ કહ્યા છે, પણ શાહ રઝાએ પોતાના ક઼લમને કોઈ ગૈરના ઝિક્રથી નથી ખરડી ! કેવળ પોતાના આક઼ા તથા મૌલાની નઅત કહી છે, કેવળ રસૂલની મન્ક઼બત કહી છે, કેવળ આપનો ક઼સીદો પઢયો છે કોઈ અન્યનો ક઼સીદો નથી કહ્યો, નહીં તો મોટા મોટા શાયરોએ, મિલ્લતના શાઈરોએ રાણી વિક્ટોરિયાના તથા નિઝામ તથા ભોપાલના તેમ જ અન્ય નવાબોના ક઼સીદા કહ્યા છે. પણ આ'લા હઝરતની શાન એ છે કે નાનપારા રાજ્યના નવાબનો ક઼સીદો કહેવાના માટે જ્યારે તેમને ફર્માઈશ કરવામાં આવી તો આપે કહ્યું હતું કે :–

**મૈં ગદા હૂં અપને કરીમ કા**
**મેરા દીન પારાએ નાન નહીં !**

મારો દીન એક રોટીનો ટુકડો નથી ! આ ક઼લમ જે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્રશંસાથી તર થયેલી છે તે કોઈ અન્યની પ્રશંસામાં ખરડાઈ નથી શકતી.

હઝરાત ! હું પણ કાંઈક શાઈરીની કલાથી વાકેફ છું. બે કલામનો સંગ્રહ મારો પણ છપાઈ ચૂકયો છે. એ તોહમત મારા ઉપર પણ છે. **હું કહું છું કે શાઈરીના દષ્ટિબિંદુથી પણ જો તમે જુઓ તો આટલો મોટો શાઈર મળશે નહીં. હકીકત એ છે કે નઅતના મેદાનમાં તો ખૈર કોઈ આપનો શરીક નથી, પણ કલા (વિદ્યા)ના એતબારથી પણ આપનો એટલો ઉચ્ચ મક઼ામ છે કે કોઈ શખ્સ તેને જોવાને માટે પોતાની દસ્તાર (અમામા, ટોપી) વગેરે સંભળાવવા માટે મજબૂર થઈ જશે !**

જે સલામ આપે કહી છે, **"મુસ્તફા જાને રહમતપે લાખોં**

**સલામ''** જેની પૂર્વથી પશ્ચિમ સુધી ચર્ચા છે, અને **અઝાન પછી આનાથી વિશેષ લોકપ્રિય અન્ય કોઈ કલામ તથા કોઈ નગ્મો નથી જોયો કે એના જેટલો વાતાવરણમાં ગુંજતો હોય અને ફેલતો હોય, કે જે ઈલ્હામી કલામ છે, અને અલ્લાહની ક઼બૂલિયતની મોહર જ્યાં સુધી તેના પર લાગી ન હોય ત્યાં સુધી તે મક઼બૂલ નથી થઈ શકતો.** તે એક એવી સલામ છે કે તેની શરહો (વિચાર વિસ્તાર, ખુલાસા) જો લખવામાં આવે તો આ દૌરના લેખકોની સંખ્યા કિતાબોની સંખ્યા પર ભારી થઈ જાય. અને શું શેઅરો કહ્યા છે ! અને કેટલા હસીન અંદાઝમાં ! અને શું ભાષા છે ! હું જોઈ રહ્યો છું કે કેટલાક પત્રકાર તથા શાઈર પણ મારી સમક્ષ મૌજૂદ છે નહીં તો મોટા ભાગનો તો વેપારી વર્ગ જણાય છે અને ખલીલ સાહબ પણ મૌજૂદ છે, શહરયાર પણ છે, કેટલાક ખબરપત્રીઓ પણ મૌજૂદ હોય એવું જણાય છે. તો હું અર્ઝ કરું છું સંક્ષિપ્તમાં કે શેઅરની ભાષાને જુઓ ! સૌને ખબર છે કે ક઼િયામત થશે તો સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم નઝારો (દીદાર) કરાવશે, આપનો દીદાર થશે. અત્યારે તો લોકોને જીવવાની તમન્ના હોય છે પણ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ને મરવાની તમન્ના છે કે મૌત આવે જેથી સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝિયારત થાય, દીદાર થાય. અને શું શબ્દો વાપરે છે ?! કહે છે :– **''જાન તો જાતે હી જાએગી''** વબાલ બની ગઈ છે જાન ! કુર્આન કહે છે, ''મૌતની તમન્ના કરો જો તમે સાચા હોવ !'' મૌતની તમન્ના આસાન નથી ! પણ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ કહે છે :–

**જાન તો જાતે હી જાએગી ! ક઼િયામત યે હૈ**
**કે યહાં મરનેપે ઠહરા નઝારા તેરા !**

અને મેઅરાજની કૈફિયત કે મેઅરાજ કઈ રીતે થઈ ? તે અકબર ઈલાહાબાદીએ કહ્યું કે :–

**ખુદા કી ઝાતમેં યે બહષ કયા હૈ !**
**ખુદા કયા હૈ ? ખુદા હૈ ! ઔર કયા હૈ !**

આપે સરળ શબ્દોમાં ખુદાના વજૂદનો મસ્અલો હલ કરી આપ્યો, નહીં તો તમો બહષમાં પડયા રહો, ઉલઝતા ચાલ્યા જાવ. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ પણ મેઅરાજની વાત કરી કે હુઝૂર કેવી રીતે ગયા ? સરકાર ﷺ શબે મેઅરાજમાં કેવી રીતે ગયા ? એ મક઼ામ પર પહોંચ્યા કે જ્યાં જિબ્રઈલની પાંખો સળગવા લાગે. અતિ નજીક ક઼લમથી પણ ઊંચા થઈ ગયા, બે કમાનોનું અંતર રહી ગયું, ''ક઼ા'બ ક઼ૌસૈન''નું મક઼ામ આવી ગયું. તો એ ગતિની ઝડપ શું હતી ? કઈ રીતે આપ પહોંચ્યા ? મેઅરાજની કૈફિયત કેવી હતી ? શાહ અહમદ રઝા رحمۃ اللہ علیہ જવાબ આપે છે. તમે જાણો છો કે કૈફ હોય છે, ખુશી હોય છે, એક કૈફિયત હોય છે જેને કોઈ નામ નથી આપી શકાતું. કહે છે :–

**પૂછતે કયા હો અર્શ પર યૂં ગયે મુસ્તફા કે યૂં ?!**
**કૈફકે પર જહાં જલે, કોઈ બતાએ કયા કે યૂં ?!**

જ્યાં કૈફની પાંખો સળગતી હોય ત્યાં કોઈ શું બતાવી શકે છે કે આ રીતે ગયા હતા ! શાઈરીની જે કલા કારીગરી તથા અજાયબીઓ છે, જે તેની કલાત્મક બારીકીઓ છે, જે એની અંદર નઝાકતો છે ભાષા તથા વર્ણનની, જે ફસાહત તથા બલાગત (અલંકારિક્તા)નાં પાસાં છે તે સૌને તમે નજરો સમક્ષ રાખો. શાઈરોને કહું છું કે ઈન્સાફ શર્ત છે, બે શેઅરો રજૂ કરું છું તેના કાફિયા (પ્રાસ) પર વિચાર કરો કે જે વિવિધ અર્થોમાં વપરાયો છે તે શબ્દ એક જ છે, **''ફૂલ''** પણ ''ફૂલ'' શબ્દ કેટલાયે અર્થોમાં વિવિધ કાફિયા (પ્રાસ)માં વપરાયો છે. અને જે સરખામણી આપી છે, તેમની આખી શાઈરીમાં હું દા'વાની સાથે કહું છું કે મહબૂબના માટે સરખામણી નથી. સરખામણી એ તો આપી છે

શાઈરોએ કે મારા મહબૂબના હાથનો જે નખ છે તે નવો ચાંદ છે, નવો ચાંદ જે હોય છે હિલાલ હોય છે, પહલી રાતનો ચાંદ એના જેવો છે. પણ જ્યારે મહબૂબ ''મહબૂબે હિજાઝ'' હોય અને ''મહબૂબે રબ'' હોય તો તેના માટે આ સરખામણી ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને ખૂબ જ હલકી જણાઈ હતી. હવે જરા શેઅર સાંભળો ! કહે છે :–

**સર તા બ કદમ હૈ તન સુલ્તાને ઝમન ફૂલ**
**લબ ફૂલ, દહન ફૂલ, ઝકન ફૂલ, બદન ફૂલ**
**દન્દાન વ લબ વ ઝુલ્ફ વ રુખ શાહકે ફિદાઈ**
**હૈં દુર્રે અદન, લઅલે યમન, મુશ્કે ખતન ફૂલ**

તમે નૂર તથા બશરના ઝઘડામાં પડેલા રહો ! ઈમામ કહે છે, ''તે ફૂલ છે, ખુશ્બુ છે, હું કહું છે કે નૂરાનિયત તથા બશરિયત બંને મૌલાની શાનો છે. આપ નૂર ન હોત અને આપના નૂરથી આ કાઈનાત ન બનત, અલ્લાહના નૂરથી આ નૂર ન નીકળત તો પછી નૂરાની મખ્લૂક઼ કોનાથી હિદાયત હાંસલ કરત, તે કોની પયરવી કરત ? અને જો આપ બશરિયતના લિબાસમાં ન આવત તો બશરિયતની દુનિયા કયાં જાત ! પણ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ કહે છે :–

**સર તા બક઼દમ હૈ તને સુલ્તાને ઝમન ફૂલ**
**લબ ફૂલ, દહન ફૂલ, ઝકન ફૂલ, બદન ફૂલ**

અને આગલા શેઅર સાંભળો, જયારે સરખામણીની વાત નીકળી કે :–

**દિલ અપના ભી શયદાઈ હૈ ઈસ નાખુને પા કા**
**ઈતના ભી ન મહે નવપે અય ચર્ખે કહન ફૂલ**

''એટલો ન ઘમંડ કર ! હે આસમાન પોતાના ચંદ્ર પર !'' હે પ્રથમ રાતના ચાંદ ! તું એટલો ન ફૂલા, એટલો ઘમંડ ન કર, મારા

આક઼ાના પગોના નખો જે છે તે આ નવા ચંદ્રથી કેટલાયે મહાન છે. અને પછી જે સહાબાએ કિરામ અને અહલે બયતે અત્હાર અને મૌલા અલી તથા ગૌષે આ'ઝમની મન્કબતો છે એમાં જુઓ જેમ કે હઝરત ગૌષે આ'ઝમની શાનમાં નામની મુનાસિબતની સાથે એક મિસ્રો કહ્યો છે, અને તે પણ બંદા તથા ખુદાનો મામલો દિમાગમાં રાખીને ! :–

**બંદા ક઼ાદિર કા ભી ક઼ાદિર ભી હૈ અબ્દુલ ક઼ાદિર**
**સર બાતિન ભી હૈ ઝાહિર ભી હૈ અબ્દુલ ક઼ાદિર**

બંદો ક઼ાદિરનો પણ, ક઼ાદિર પણ છે. કુદરત પણ ધરાવે છે. ક઼ાદિરનો બંદો પણ અને ખૂદ પણ ક઼ાદિર છે, અબ્દુલ ક઼ાદિર છે. તો કયા કયા પાસા પર હું વાત કરું ! શું શું હૈસિયતો છે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કે જેની ચર્ચા કરવામાં આવે. તેમના મુતર્જિમ (તર્જુમાકાર) તથા મુફસ્સિર (તફસીરકર્તા) હોવાની વાત કરવામાં આવે તો રાત પૂરી થઈ જાય પણ વાત ખત્મ ન થાય. પણ જલ્સાના વ્યવસ્થાપકોએ મારી મુશ્કેલી આસાન કરી દીધી કે મારે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના કેવળ એ પાસા પર વાત કરવાની છે કે જે **ઈશ્કે રસૂલ**નું પાસુ છે. અને હક઼ીક઼તમાં તેમના તમામ વિષયોમાંથી કાઢીને કોઈ વિષય આપવામાં આવે તો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને આશિક઼ે રસૂલ જ કહેવામાં આવી શકે છે. આજે દરેક વ્યક્તિને આપણે આશિક઼ે રસૂલ કહીએ છીએ મારા જેવા આજિઝ તથા ખતાકારને પણ લોકો આશિક઼ે રસૂલ કહે છે, પણ તે જે શાઈરે કહ્યું કે :–

**હર બુલ હવસને હુસ્ન પરસ્તી શિઆરકી**
**અબ આબરૂએ શેવાએ અહલે નઝર ગઈ**

## ★ આ'લા હઝરતનો ઈશ્કે રસૂલ ★

હઝરત ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہએ પોતાના મલ્ફૂઝાત શરીફમાં ફર્માવ્યું છે કે, અન્વારે રૂહાનીના દસ દરજા છે. ફર્માવ્યું : તેનો પહેલો દરજો નૂરે રૂહ છે, બીજો દરજો નૂરે અક્લ છે, ત્રીજો દરજો નૂરે મઅરેફત છે, ચોથો દરજો નૂરે ઈલ્મ છે, પાંચમો દરજો નૂરે યક્રીન છે, છઠ્ઠો દરજો નૂરે તૌહીદ છે, સાતમો દરજો નૂરે બસર છે, આઠમો દરજો નૂરે હયા છે, નવમો દરજો નૂરે મહ્બ્બત છે અને દસમો દરજો નૂરે ઈશ્ક છે. અને ફર્માવે છે કે ઈશ્ક અસલમાં 'અશ્કા''થી નીકળેલ છે, તે એક વેલ છે જે ઝાડો પર ચઢી જાય છે અને એ રીતે તેને પોતાની લપેટમાં લઈ લે છે જેને આપણે લોકો ઈશ્ક પીપાં (એક પ્રકારની વેલ જેનું ફૂલ લાલ અને પાંદડાં બારીક હોય છે) કહીએ છીએ કે તે ખૂદ તો ઉછરતી રહે છે પણ ઝાડ સૂકાઈ જાય છે. અને ઈશ્ક પણ એવી જ કૈફિયત ધરાવે છે કે જે શખ્સ એની લપેટમાં આવી જાય છે તેનો ઈશ્ક તો ઉછરતો રહે છે પણ તે ખૂદ તે આગમાં સળગીને રાખ થઈ જાય છે. તો એ આશિકે રસૂલની શાન છે. આશિકે રસૂલ થવું એ કાંઈ આસન વાત નથી ! :–

**યે શહાદત ગહે ઉલ્ફતમેં ક઼દમ રખના હૈ**
**લોગ આસન સમઝતે હૈં મુસલમાં હોના**

આશિકે રસૂલ હોવું ઘણુ જ મુશ્કેલ કામ છે. આશિકે રસૂલ તો તે હસ્તી થઈ શકે છે જે એવું કહે કે, ''ફખ્ર તથા ગુરૂર અને આસ્માન પર દિમાગ હોવાનો હક્ક તો તે વ્યક્તિ ધરાવે છે જેણે હબીબની ગલીની–કૂચાની રખેવાળી કરવાવાળા કોઈ કૂતરાના પગો ચૂમ્યા હોય.'' શાહ રઝા કહે છે, **''સગે તયબહ્ કે પાંવ ભી ચૂમે !''** આહ ! આટલા બનીને ફરો છો રઝા ! આ મુફતી, ફક઼ીહ તથા આલિમ તથા શાઈર ! પણ બતાવો

કદીક હબીબ ﷺના કૂચાની પાસબાની કરનારા કોઈ કૂતરાના પગો પણ ચૂમ્યા ?! કે :–

**'રઝા' કિસી સગે તયબહ્કે પાંવ ભી ચૂમે !**
**તુમ ઔર આહ ! કે ઈત્ના દિમાગ લે કે ચલે !**

આટલુ દિમાગ છે તમારું ! દિમાગ ત્યારે રાખો જ્યારે હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના કૂચાની પાસબાની કરનાર કોઈક કૂતરાના પગોને ચૂમી લો ! અને જે એવું કહે કે આખરી વખતે મારી જીભ પર તે ખુદાનું નામ આવે જે મુહમ્મદનો ખુદા છે. જાત તથા સિફતોની ઘણી ચર્ચાઓ છે. અલ્લાહની જાત શું છે ? તેની સિફતો શું છે ? મુતકલ્લિમીને એના પર કિતાબો લખી છે, ઘણી ચર્ચાઓ કરી છે, ફિર્કા પેદા થયા છે, પણ શાહ અહમદ રઝા رحمۃ اللہ علیہએ મસ્અલો હલ કરી નાખ્યો ! "હું તે ખુદા પર ઈમાન રાખુ છું કે જે મુહમ્મદ મુસ્તફાનો ખુદા છે." અને કહ્યું કે :–

**દમે નઝઅ જારી હો મેરી ઝબાં પર**
**મુહમ્મદ ! મુહમ્મદ ! ખુદાએ મુહમ્મદ !** صلی اللہ تعالیٰ علیہ وسلم

પણ જોશો કે મુહમ્મદ બે વાર કહ્યું છે, મુહમ્મદનો ખુદા એકવાર કહ્યું : તૌહીદનું પાસુ પણ સામે છે, કોઈ વાંધો નથી ઉઠાવી શકતુ અને ઈશ્કની વાત પણ આવી ગઈ. કહ્યું :–

**દમે નઝઅ જારી હો મેરી ઝબાં પર,**
**મુહમ્મદ ! મુહમ્મદ ! ખુદાએ મુહમ્મદ** صلی اللہ تعالیٰ علیہ وسلم

અને આશિકે રસૂલ તે છે જે "સૂરએ વન્નજ્મ"ના મશ્હૂર મકામ **ઈન્દ સિદરતિલ મુન્તહા.** સૂરએ વન્નજ્મમાં આ એક મશહૂર આયતનો ટુકડો છે. શબે મેઅરાજની સફર જેમાં બયાન કરવામાં આવ્યું છે કે સિદરતુલ્ મુન્તહા પાસે આપે શું જોયું ? મુફસ્સિરોએ, જૂના તથા નવાએ, આ સમયના આલિમોએ, આગલાઓએ સૌએ લખ્યું કે આં હઝરતે

ત્યાં જિબ્રઈલે અમીનને જોયા. પણ ઈમામ અહમદ રઝા શું આશિક઼ાના વાત કરે છે ?! શું દિલમાં ઉતરી જવાવાળી વાત છે ! ઈશ્ક પણ છે, મન્તિક (તત્વચિંતન) પણ છે. **ઈશ્ક તથા ઈલ્મ બંનેને મિલાવવામાં આવે તો ઈમામ અહમદ રઝા બને છે.** શું તફસીર કરી છે ઈમામુલ મુફસ્સિરે ! કહે છે કે હુઝૂરે અકદસનો એમાં શું કમાલ છે કે જિબ્રઈલને જુએ ? એટલા માટે કે જિબ્રઈલે અમીનને એકવાર આપે પૂછયું. વળી આ રિવાયત કોઈ બરેલ્વી આલિમની નથી, કેમ કે બરેલ્વી આલિમ બીચારા પર તો આસાનીથી ફત્વો લાગી જાય છે ! અને ઈશ્ક઼ની તોહમત લાગી જાય છે. આ જે રિવાયત વર્ણન કરી રહ્યો છું તે **મૌલાના અશરફઅલી થાનવી (દેવબંદી)**એ પોતાની કિતાબ નશરુત્તીબમાં લખેલી છે, કે જિબ્રઈલે અમીન علیہ السلامને એકવાર સરકારે પૂછયું કે જિબ્રઈલ ! પૂછવા માંગું છું કે તમારી ઉમર શું છે ? તો જિબ્રઈલે અમીને કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હું ખરી તારીખ તો નથી કહી શકતો પણ મને એટલી ખબર છે કે અલ્લાહની અઝમતના પરદાઓમાં જે ચોથો અઝમતનો પર્દો છે ત્યાં એક તારો ઉગ્યા કરતો હતો જે દર સિત્તેર હજાર વરસો પછી ચમકતો હતો. (અને એ દિમાગમાં રાખશો કે અલ્લાહનો એક દિવસ આપણા પચાસ વરસો કરતાં પણ વિશેષ હોય છે.) તો કહ્યું કે ચોથા અઝમતના પર્દા પર એક તારો ચમકતો હતો દર સિત્તેર હજાર વરસો પછી. મને અધિક તો કાંઈ યાદ નથી પરંતુ મેં તે તારાને ૭૨ હજાર વખત જોયો છે. અને સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, જિબ્રઈલ ! મને મારા રબની ઈજ્જતની ક઼સમ ! તે ચમકનારો તારો હું જ છું ! (સુબ્હાનલ્લાહ !)

તો જેનો મકામ આ હોય તેને જિબ્રઈલ علیہ السلامને જોઈને શું કમાલ પ્રાપ્ત થશે ?! તો શાહ અહમદ રઝા رحمۃ اللہ علیہ લખે છે કે આપ હુઝૂરે

અક્દસ ﷺ ને એમાં શું કમાલ છે કે જિબ્રઈલને જુએ ! જિબ્રઈલનો કમાલ છે કે તે હુઝૂરે અકદસ ﷺ ને જુએ. એ દીદ જિબ્રઈલની નહીં, હક્ક્ તઆલાની હતી. શબે મેઅરાજમાં આપણા આક઼ા વ મૌલાએ સિદરતુલ મુન્તહાએ અલ્લાહ તઆલાને જોયો. તે જિબ્રઈલની દીદ નહીં હક્ક્ તઆલાની દીદ હતી.

**ઔર કોઈ ગયબકા તુમસે નિહાં હો ભલા**
**જબ ન ખુદા હી છુપા તુમ પે કરોળોં દુરૂદ**

અને આશિકે઼ રસૂલ તો તે છે કે જે એવું કહે કે તેની ગલી છોડીને જનારો પછી ક્યાંયનો નથી રહેતો. આખી જિંદગી દર બદર ભટકતો રહે છે, ઠોકરો ખાતો રહે છે, દુનિયા તથા આખેરત બંને જગાએ બેઈજ્જત થતો હોય છે. ગાલિબ કહે છે કે :–

**હાં ! નહીં વો ખુદા પરસ્ત, જાઓ ! વો બેવફા સહી,**
**જિસ્કો હો જાનો દિલ અઝીઝ, ઉસ્કી ગલીમેં જાએં ક્યૂં ?!**

અને તે (આ'લા હઝરત) ફર્માવે :–

**ફિરકે ગલી ગલી તબાહ ઠોકરેં સબકી ખાએં ક્યૂં ?!**
**દિલકો જો અક્લ દે ખુદા તેરી ગલીસે જાએં ક્યૂં ?!**

અને આશિકે઼ રસૂલ તે છે જે એવું ફર્માવે કે દોઝખની આગને બુઝાવવાનો એક જ તરીક઼ો છે કે ઈશ્કે઼ મુસ્તફાની આગ દિલમાં સળગાવી લેવામાં આવે. આ જ આગ લગાડશો તો તે આગને બુઝાવશો. કહ્યું :–

**અય ઈશ્ક઼ તેરે સદક઼ે જલનેસે છૂટે સસ્તે**
**જો આગ બુઝા દેગી વો આગ લગાઈ હે**

અને આશિકે઼ મુસ્તફા તો તે છે કે જેની દોસ્તી અને દુશ્મનીનો

આધાર કેવળ સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝાત હોય. મેં મુસ્તફાના ફયઝાનથી એક શેઅર નઅતનો કહ્યો હતો કે :–

**બહુત સાદા સા હૈ અપના ઉસૂલે દોસ્તી 'કૌષર'**
**જો ઉન્સે બેતઅલ્લુક હૈ હમારા હો નહીં સકતા !**

તો શાહ રઝાને એનાથી તઅલ્લુક છે જેને સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે સંબંધ છે, અને જે એમનો પ્યારો છે તે રઝાનો પ્યારો છે અને જે તેમની શાનમાં કમી કરે જાણી બુઝીને કે અજાણપણે તો આપણી ગૈરત તેના માટે ચાબુક બની જાય છે. લોકો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની કડકાઈની ફરિયાદ કરે છે પણ તેમણે કદી ઈશ્ક કર્યો હોય તો તેમને ખબર પડે કે મહબૂબની જ્યારે નાકદરી (તૌહીન) કરવામાં આવે છે તો આશિકના જઝબાતની સખ્તી કેવી હોય છે ?! એટલા માટે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**દુશ્મને અહમદપે શિદ્દત કીજિયે**
**મુલ્હિદોંકી ક્યા મુરવ્વત કીજિયે**
**ગૈઝમેં જલ જાએં બે દીનોં કે દિલ**
**યા રસૂલલ્લાહ ! કી કષરત કીજિયે**
**શિર્ક ઠહરે જિસમેં તા'ઝીમે હબીબ**
**ઉસ બુરે મઝહબ પે લઅનત કીજિયે**

અને આશિકે રસૂલ તે છે જે મરેલા દિલ વડે લાચારીથી, કનમનતા દિલે, દિલની ઈચ્છા વગર સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તા'ઝીમ કરનારને પણ માફ ન કરે. ઈમામ ફર્માવે છે, અહીં શબ્દો જોશો ! ભાષા જોશો ! :–

**મો'મિન વો જો ઉન્કી ઈઝ્ઝત પે મરે દિલસે !**
**તા'ઝીમ ભી કરતા હૈ નજદી તો મરે દિલસે !**

અને આશિકે રસૂલ તો તે છે કે જેને આ ઈશ્કે રસૂલના સિલસિલામાં જે મિશન અતા થયું હતું તેને સંપૂર્ણ કરીને ગયો. હવે હું પૂછું છું કે આપને મુજદ્દિદ શા માટે કહેવામાં આવે છે ? કમસે કમ હું એટલા માટે કહું છું કે આપે એ બતાવ્યું કે આપણા સમાજનું, મુસ્લિમ સમાજનું સભ્યપદ જો મળે છે તો રિસાલતના અકીદાથી મળે છે કેવળ તૌહીદના અકીદાથી નથી મળતું. તૌહીદને માનવાવાળા શીખો પણ છે, અને યહૂદીઓ તો ઘણા જ મોટા મુવહ્હિદ (એક અલ્લાહને માનનાર) છે અને ઈસાઈઓમાં પણ હવે એક ગિરોહ છે જે તૌહીદનો ઝંડાધારી છે. હિંદુઓમાં પણ એક ફિર્કો છે જે તૌહીદનો માનનારો છે. પણ આપે એ સ્પષ્ટતા કરી કે ઈસ્લામ કોઈને ત્યાં સુધી સીનાથી નથી લગાડતો જ્યાં સુધી તે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની રિસાલત પર દિલથી ઈમાન નથી લાવતો. અને આ ઈશ્કે રસૂલ પર ધૂળ પડેલી હતી, કેટલાક જાણી બુઝીને ફેંકી રહ્યા હતા, કેટલાક અજાણપણે ફેંકી રહ્યા હતા. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ બતાવ્યું કે ઈશ્કે રસૂલ તે સ્થાન છે જે સ્થાન પર જો જરા સરખી પણ ધૂળ પડશે તો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ પોતાની રૂહનો મુરછલ બનાવીને તેને સાફ કરશે. અને એના અનુસંધાનમાં આપ શું લખે છે ?! હમણાં આપે સાંભળ્યું કે ચાલીસ પત્રો એક દિવસમાં તેમને ગાળોના મળ્યા ! અને આજે પણ શિક્ષિત (દુનિયવી) લોકોનો હાલ એ છે. ઘણા તો એમનું નામ નથી જાણતા ! અને ફરિયાદ કોને કરીએ ? મૌલાનાએ સાચુ કહ્યું ! **વાંક ખૂદ તેમના માનવાવાળાઓનો છે કે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની સાચી ઓળખ નથી કરાવી શક્યા.** યુનિવર્સિટીઓમાં, કોલેજોમાં તેમનું સાહિત્ય તથા તેમના

ઈલ્મનાં વિવિધ પાસાંઓ લોકો સમક્ષ નથી આવ્યાં, એટલા માટે આજે પણ જીભો તેમના પર ટીકા કરવા લાંબી થાય છે. આજે પણ બુરુ ભલુ બોલાય છે, આજે પણ તેમની શાનમાં ગુસ્તાખી થાય છે. પણ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ જે કડકાઈથી વર્તતા હતા તે ઈશ્કે રસૂલના મામલામાં અને રિસાલતના અકીદાના બારામાં કર્યા કરતા હતા. મક્તબોમાં મૌજૂદ છે, આપ લખે છે તે શબ્દો પર વિચાર કરશો. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ કદી ગલત બયાની નહીં કરે !

ફર્માવે છે : "સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم થી મને એ ખિદમત સોંપવામાં આવી છે, રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને એ સ્થાન પર બિરાજમાન કર્યો છે, મને એ ફરજ સોંપવામાં આવી છે." ખુલાસો નથી કર્યો ! ન જાણે ખ્વાબમાં (સોંપ્યું) હોય કે જાગૃતાવસ્થામાં થયું છે. આ મકામોને તમારા મારા જેવા નથી જાણી શકતા ! કહ્યું કે, "સરકારે દો જહાં صلی اللہ تعالیٰ علیہ وسلم થી મને એ ખિદમત સોંપવામાં આવી છે કે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈજ્જતની હિમાયત કરું ન કે પોતાની ! મારી ઈજ્જતની મને પરવા નથી !" **રાજકરણી વિચારે છે કે હું તે વાત કહું જે લોકોને સારી લાગે, બુરી ન લાગે.** પણ **મને મારી ઈજ્જત વહાલી નથી, મને તો સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈજ્જત પ્રિય છે.** હું તો ખુશ છું કે જેટલી વાર મને ગાળો આપતા, આક્ષેપો કરતા, બુરુ ભલુ કહેતા રહે એટલો સમય મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની બદગોઈ તથા તૌહીન કરવાથી ગાફિલ રહે છે. હું છાપી ચૂકયો છું અને ફરી લખું છું કે મારી આંખની ઠંડક એમાં જ છે કે મારી અને બાપદાદાઓની આબરૂઓ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈજ્જતની ઢાલ બનેલી રહે."

**આ છે ઈમામ અહમદ રઝાનો મકામ !** હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ ના બારામાં સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક અજીબ કથન ફર્માવ્યું છે :

ફર્માવ્યું કે, અલ્લાહ ઉમર પર રહમ કરે ! "જે એમની કડકાઈ હતી હક્કના (સત્યના) મામલામાં તે જ શાને ફારૂકી અહમદ રઝાની અંદર ક્યાંક ક્યાંક ઝલકતી જોવા મળે છે. સરકારે કહ્યું કે, "અલ્લાહ ઉમર પર રહમ કરે, એને હક્કે એવા સ્થાને લાવીને ઉભો કરી આપ્યો છે કે કોઈ એનો દોસ્ત નથી. સૌને ફરિયાદ છે, શિકાયત છે." તો મૌલાના મુહમ્મદ અલી જૌહરે કહ્યું કે :–

**તૌહીદ તો યે હૈ કે ખુદા હશ્રમેં કહ દે**
**યે બંદા દો આલમસે ખફા મેરે લિએ હૈ**

તો હાજર મિત્રો ! આશિકે રસૂલ કહેવડાવનારા તો ઘણા છે પણ સદીઓમાં મેં તો જો કોઈને સાચા અર્થમાં આશિકે રસૂલ જોયો છે તો એનું નામ **ઈમામ અહમદ રઝાખાં બરેલ્વી** છે ! અને જ્યારે કોઈ વ્યક્તિ કહે છે કે, "અમે ગુસ્તાખ રુશ્દીના બારામાં (એની વિરૂધ્ધ) કોઈ ચળવળ ચલાવી." તો એ પણ ફયૂઝાને રઝા જ હતો ! કેમ કે આ ઈશ્કે રસૂલનો જઝબો તેમનાં લખાણોથી તથા તેમના ફતવાથી પેદા થયો છે. લોકો કહે છે કે 'આયતુલ્લાહ ખોમૈની' એ ફત્વો આપ્યો, સારું કર્યું ! ઘણુ જ સારું કર્યું ! પરંતુ એનાથી તો વરસો વરસ પહેલેથી, નેવુ વરસો પહેલાં ઈમામ અહમદ રઝાએ જે ફત્વો રસૂલની તૌહીન કરવાવાળા પર આપ્યો છે તેનો તો જવાબ જ નથી ! આયતુલ્લાહ ખોમૈનીનો ફત્વો તો એનું પ્રતિબિંબ છે ! અને જે નવયુવાનોએ કુર્બાનીઓ આપી, ઈસ્લામાબાદ તથા મુંબઈ વગેરેમાં કે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم પર જાન નિછાવર કરી દીધી, એ સૌ "ફયૂઝાને રઝા" હતો. અને હું યકીન ધરાવું છું કે તે જ શખ્સ અત્યારે જહન્નમ સમી જિંદગી ગુઝારી રહ્યો છે કે **લા યમૂત ફીહા વલા યહ્યા** કુર્આન "દોઝખની જિંદગી" બતાવે છે કે **"દોઝખમાં ન મરશે ન જીવશે !"** તે (સલ્માન રુશ્દી) ન મરી રહ્યો છે ન જીવી

રહ્યો છે, પડછાયાથી ડરે છે ! એક અખ્બારે લખી આપ્યું કે તેના ઘરની બહાર ક્યાંક કોઈ ટેક્સીનું ટાયર ફાટી ગયું તો તે બેહોશ થઈ ગયો ! તે સમજ્યો કે જાણે કોઈક બોમ્બ ફાટયો છે ! અને છુપાતો ફરે છે. પરંતુ હું કહું છું કે, ''બકરાની માં કયાં સુધી ખૈર મનાવશે !'' આ સૌ ''ફયૂઝાને રઝા''ની વાતો છે.

તો આપણે આશિકે રસૂલ ક્યાં છીએ ?! **આપણે તો એક આશિકે રસૂલના આશિક છીએ** ! અને આપણા માટે એ જ ઘણુ છે કે આપણે ઈશ્કે રસૂલ રાખનારાઓ સાથે મહોબ્બત કરીએ, તેમના સાથે સંબંધ પેદા કરીએ. એ એક ફારસી શાયરે કહ્યું કે :–

**મૂરે મિસ્કીં હવસ દાશ્ત કે દર કા'બા રસદ**
**ઊ દસ્ત પર પાએ કબૂતર ઝદ વ નાગાહ રસીદ**

એક ગરીબ કીડીના દિલમાં એ ખયાલ પેદા થયો કે હું કોઈક રીતે કા'બા પહોંચું ! પણ હવે કેમ કરીને પહોંચે ?! પગો નીચે કચડી નાખવામાં આવે ! લાખો માનવોની ભીડ ! તો અચાનક તેને તરકીબ સૂઝી કે જે કબૂતરો ખાનાએ કા'બાની આસપાસ ઉડતાં રહે છે, ખાનાએ કા'બાનો તવાફ કરતાં રહે છે. એક કબૂતરના પંજા પર તેણે હાથ માર્યો અને ચોંટી ત્યાં ગઈ અને ખાનાએ કા'બામાં પહોંચી ગઈ ! તો આપણે પણ હરમના કોઈ કબૂતરના પગોએ ચોંટી જઈશું તો ખાનાએ કા'બા સુધી પહોંચ થઈ જશે ! તો એ જ ઘણી મહાન વાત છે. એટલા માટે મારી ચર્ચા આ શેઅર પર ખત્મ કરું છું કે :–

**મેહફિલમેં સભી લોગ ઉધર દેખ રહે હૈં**
**ઔર હમ દેખનેવાલોંકી નઝર દેખ રહે હૈં**

**آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ و التسلیم**

# આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં બરેલ્વી رضی اللہ عنہ

અઝ : હઝરત મૌલાના કૌષર નિયાઝી (પાકિસ્તાન)

અનુવાદક : (મર્હૂમ) ડોસુભાઈ કે. પહોંચીયા મોડાસવી

*(નક્શબંદી, મુજદ્દિદી)*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِيَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

## ★ અનેક ખૂબીઓના સંગમ : આ'લા હઝરત ★

ઉર્દૂ ભાષામાં જ્યારે પણ "આં હઝરત"નો શબ્દ વાપરવામાં આવે છે તો તેનાથી હુઝૂર મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالٰی علیہ وسلم નું વુજૂદ દિમાગમાં ઉપસી આવે છે. અને જ્યારે "આલા હઝરત" શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે તો તેનાથી હુઝૂરના એક ગુલામ "અહમદ રઝાખાં બરેલ્વી"નું નામ દિમાગના પટ પર ઉપસી આવે છે. જોવામાં આવે તો આ સ્થાન ઈમામ અહમદ રઝાખાનને તેમના માનવાવાળાઓની અકીદતમંદીથી નથી મળ્યું. આ તેમના ફનાફીર્રસૂલ અને એક સર્વ ક્ષેત્રિય વ્યકિત હોવાનો ફૈઝાન છે. ઉપખંડમાં આમ તો કેટલીયે ગુણોથી ભરચક વ્યકિતઓ થઈ ગઈ છે પરંતુ જ્યારે એક તટસ્થ લેખક આ સૌનું અવલોકન કરે છે તો

જેવી સર્વ ખૂબીઓના સમૂહવાળી શખ્સિયત ઈમામ રઝાની દ્રષ્ટિગોચર થાય છે તેવી બીજી કોઈ દ્રષ્ટિગોચર થતી નથી.

કયો ઈલ્મ એવો ન હતો જેના પર આપની પકડ ન હોય ! સીરતના લેખકોએ આપના લગભગ સાઈઠ ઈલ્મો ગણાવ્યા છે, જેમાં તેમને નિપૂણતા પ્રાપ્ત હતી, જેના આપ નિષ્ણાત હતા. તફસીર, હદીષ, ફિક્હ, હિંદષહ, ગણિત, વિજ્ઞાન, ફિલોસોફી, ગ્રહગતિ શાસ્ત્ર, જફર, ભવિષ્યવાણી શાસ્ત્ર, મેડિકલ વિજ્ઞાન, રસાયણ શાસ્ત્ર, અર્થ શાસ્ત્ર, તિબ્બ, ભૂગોળ, ઈતિહાસ, રાજનૈતિક જ્ઞાન, ઈલ્મે મુનાઝરા, મન્તિક્, જબરો મુકાબલા, નહ્વ, સરફ, ઈલ્મે મઆની, ઈલ્મે બયાન, ઈલ્મે સનાએઅ, બદાએઅ, ક્રિાઅત, તજવીદ, તસવ્વુફ, સુલૂક, લુગત (ડિક્ષનરી), શાઈરી, અદમ, ખતનસ્ખ, ખતનસ્તઅલીક્. એમનું જીવન વૃતાંત લખનારાઓએ ૬૦ જેટલા ઈલ્મો ગણાવ્યા છે જેમાં તેમને નિપૂણતા હતી. તેઓ એક જ સમયે મહાન સાહિત્યકાર પણ હતા અને ખતીબ (વકતા) પણ હતા. મુનાઝિર પણ હતા અને મુતકલ્લિમ (ઈલ્મે કલામવાળા) પણ હતા. મુહદ્દિષ પણ હતા અને મુફસ્સિર પણ, ફક્રીહ પણ હતા અને રાજકરણના જ્ઞાની પણ, અને જ્યારે તેઓ તહદીષે નેઅમતની રીતે કહે છે★ તો ગલત નથી કહેતા અને આ શબ્દ ''સુખન''માં કલામની સઘળી શાખાઓ શામેલ છે.

**મુલ્કે સુખનકી શાહી તુમકો રઝા મુસલ્લમ**
**જિસ સિમ્ત આ ગયે હો સિક્કે બિઠા દિએ હૈં**

★ **''મુલ્કે સુખન કી શાહી.....''** *આ શેઅર અસલમાં દાગ દહેલ્વીએ આ'લા હઝરતની નઅત સાંભળ્યા બાદ કહેલો છે. અહીં મૌલાના નિયાઝી સાહબે આ'લા હઝરતનો કહ્યો છે અને શક્ય છે એની માહિતી આપ સુધી ન પહોંચી હોય. અલ્લાહ બેહતર જાણનાર છે. (સંપાદક)*

## ★ આ'લા હઝરત વિશે જેની જેવી દૃષ્ટિ ! ★

કાળચક્રની આ પણ એક અજબ મઝાક છે કે ઈતિહાસની અધિકાંશ શખ્સિયતો મક્બૂલ હોવાની સાથે સાથે મઝલૂમ (પીડિત) પણ રહી છે. તેમણે સદા પોતાની બાબતે લોકોને બે ભાગોમાં વહેંચ્યા છે. કોઈને તટસ્થ રહેવા દીધા નથી. કેટલાકને તેમનાથી બહું જ અક઼ીદત રહી છે તો કેટલાક અદાવતની હદ સુધી તેમના વિરોધી રહ્યા છે. આ વિરૂધ્ધતામાં તેમની જાત પર પ્રોપેગન્ડાની ધૂળ પણ ઉડાવવામાં આવી છે. અમીરૂલ મોમેનીન હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہને જોઈ લો. નુસૈરી (શ્રધ્ધાળુઓ)એ તેમને ખુદા બનાવી દીધા તો ખારજીઓએ કાફિર ઠરાવ્યા. એ જ હાલત ઈમામ અહમદ રઝાની શખ્સિયત બાબતે રહી છે. જે તેમની શખ્સિયત (વ્યકિતત્વ)ની ઓળખ ધરાવે છે તેમની નજરોમાં તેઓ ઉપખંડના ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ હતા, અને જેઓ તેમનાથી અદાવતની હદ સુધી દુશ્મનાવટ ધરાવે છે તેમના નઝદીક તેઓ એક બિદઅતી, કટ્ટરવાદી મુફતી અને મુનાઝિર અને એક અંગ્રેજ નવાઝ મોલવી હતા ! સમકાલિન તો હમેશાં નફરતનું કારણ રહી છે, પરંતુ અફસોસ ! કે તેમની વફાત અવસાનના ૭૧ વર્ષ પછી પણ ટીકાઓનું આકાશ હજુ સુધી ધૂળીયું છે. પક્ષપાતના રંગીન ચશ્મા પહેરીને જોવાવાળાઓએ સાફ દ્રષ્ટિથી હજુ સુધી તેમનો ચમકતો ચહેરો જોવાનો પ્રયત્ન કર્યો નથી. જો તેઓ ઈન્સાફ કરતા તો તેમને એ જાણવામાં કોઈ દુશ્વારી ન થતી કે ઈમામ અહમદ રઝાની વિરૂધ્ધ ફેલાવવામાં આવનાર પ્રોપેગન્ડાઓ વિરોધીઓના પોતાના દિલો પર છવાએલ મલિનતાની ધૂળનું પરિણામ છે, નહીં તો ખૂદ ઈમામની જીભ તથા ક઼લમ અને કથન તથા કર્તવ્યથી નીકળેલ દરેક શબ્દ તો પોતાની જીભે આવું પોકારી રહ્યો છે :–

**ન શબનમ, ન શબ પર સિતમ કે હદીષ ખ્વાબ ગોયમ**
**ચૂં ગુલામે આફતાબમ હમા ન આફતાબ ગોયમ**

## ★ બિદઅતોનો રદ કરનાર કોણ ? ★

**આ કેવો જુલ્મ છે કે જે બિદઅતના રદમાં નગ્ન તલવાર હતો તેને બિદઅતનો સમર્થક ઠરાવવામાં આવ્યો !** તેમના ચિંતન તથા ફત્વાઓનું અવલોકન કરવામાં આવે તો સ્પષ્ટ દેખાય છે કે જેટલો સખત વિરોધ પયગમ્બરની રાહ વિરુધ્ધ જનારાઓનો તેમણે કર્યો કદાચ જ કોઈ બીજાએ કર્યો હોય.

તેમના સમકાલિન હઝરત ખ્વાજા હસન નિઝામી દહેલ્વીએ ''મુર્શિદ''ને તાઝીમી સિજદાના નામે એક પુસ્તિકા લખી તો ઈમામ અહમદ રઝાએ ''હુર્મતે સજદાએ તાઝીમ''ના નામથી એક જવાબ લખ્યો અને સો (૧૦૦) કરતાં અધિક આયતો તથા હદીષોથી તેને હરામ સાબિત કર્યું. સામાન્યતઃ લોકો પીરી મુરીદીને ઈસ્લામનું ઉપકરણ ઠેરવે છે પરંતુ આપે પોતાની મશ્હૂર કિતાબ ''અસ્ સન્નિયતુલ અનીકહ''માં લખ્યું છે કે ''છેવટે ? માટે કેવળ નબીને મુર્શિદ જાણવું બસ છે.''

એવી જ રીતે આપણા ત્યાં ક઼બ્રો પર ચિરાગાં (રોશની) કરવામાં આવે છે પરંતુ ઈમામ અહમદ રઝા ક઼બ્રો પર ચિરાગ સળગાવવાને બિદઅત ઠેરવે છે. તેના જાઈઝ હોવાની કેવળ એ સૂરતના ક઼ાઈલ છે કે જ્યારે ક઼બ્ર રસ્તામાં આવેલી હોય, મસ્જિદમાં હોય અને તેની રોશનીથી મુસાફરો અને નમાઝીઓને ફાયદો પહોંચી શકતો હોય. આજ કાલ મઝારો પર મણો અને ટનોના હિસાબે ચાદરો ચઢાવવાનો રિવાજ છે અને ચાદરો સામાન્યતઃ વઝીરો અને અમીરોની દસ્તારબંદીમાં ઉપયોગમાં લેવાય છે. ઈમામ અહમદ રઝા ક઼બ્ર પર કેવળ એક ચાદર ચઢાવવાની હદ સુધી તેના જાઈઝ હોવાના ક઼ાઈલ (સ્વીકારકર્તા)

છે. ઢગલાબંધ ચાદરો ચઢાવવાને રિવાજની રીતે જાઈઝ સમજતા નથી. લખે છે : ''જે કિમત તેમાં ખર્ચ કરો એ જ અલ્લાહની રાહમાં રૂહ મુબારકને ઈસાલે સવાબ માટે મોહતાજને આપે.''

અજ્ઞાન લોકો આજકાલ વાજિંત્રોવાળી કવ્વાલીઓને પણ ઈમામ રઝાની વિચારસરણીની ઓળખ ઠેરવે છે. પરંતુ આપે પોતાના રિસાલા ''મસાઈલે સમાઅ''માં એ કવ્વાલીઓને નાજાઈઝ ઠરાવી છે જેમાં મઝામીર (વાજિંત્ર) સાથે સાંભળવામાં આવે છે.

## ★ શું આ'લા હઝરત સખ્ત સ્વભાવવાળા હતા ?!★

કહેવાય છે કે ઈમામ અહમદ રઝા رحمۃاللہ علیہ બહું જ સખ્ત મિજાઝના હતા. તેમણે પોતાની કિતાબોમાં મોટા મોટા ઉલ્મા અને અકાબિરોને કાફિર ઠરાવ્યા છે. પરંતુ હું કહું છું કે એ જ એક વાત તો તેમને બીજી વિચારસરણીના મુકાબલામાં વિશિષ્ટ કરે છે ! બદકિ઼સ્મતીથી આપણા ત્યાં મોટાભાગના લોકો તેમને ''બરેલ્વી'' નામના એક ફિર્કાના સ્થાપક પણ સમજે છે. જો કે તેઓ પોતાના મસ્લકની ગણનાએ કેવળ હનફી અને સલફી છે, અને તેમના મુક઼ાબલામાં જે લોકોને દેવબંદી કહેવામાં આવે છે ફિક઼્હી મસ્લક અને બહુધા બીજા મસાઈલમાં તેઓ પણ એ જ દ્રષ્ટિકોણ ધરાવે છે જે મૌલાના અહમદ રઝા ખાં બરેલ્વી رحمۃاللہ علیہનો છે. પીરી મુરીદી તેમના ત્યાં પણ જોવામાં આવે છે, કબ્રોના ફૈઝનો તેઓ પણ સ્વીકાર કરે છે. તક઼લીદના અસ્તિત્વના તેઓ પણ વિરોધી નથી, ઈમામ અબૂ હનીફાની ફિક઼્હને બીજા સઘળા ફિક઼્હી સિધ્ધાંતો પર તેઓ પણ, પ્રધાનતા આપે છે. અસલ ઝઘડો ત્યાં ચાલ્યો કે તેમના કેટલાક અકાબિરોની સાવધાની વિરૂધ્ધનાં લખાણોને ઈમામ રઝા رحمۃاللہ علیہએ વાંધાજનક ગણાવ્યાં, અને કેમ કે મામલો અઝમતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلمનો હતો. તૌહીને રસૂલ صلی اللہ علیہ وسلمની બુન્યાદ પર તેમને ફત્વાના

લક્ષ્ય બનાવ્યા. જોવામાં આવે તો એ જ ફતવા ઈમામ રઝા અને તેમની વિચારસરણીની વિશિષ્ટ ઓળખનો મદાર છે. જે સખ્તાઈની દુહાઈ આપવામાં આવે છે એ જ તેમની જાતની ઓળખ અને તેમની સંપૂર્ણ હયાતનો પરિચય છે. તેઓ ફનાફિર્રસૂલ હતા એટલા માટે તેમના ઈશ્કની ગૈરત શંકાના દરજામાં પણ તૌહીને રસૂલનોનું કોઈ નાનામાં નાનુ પાસુ પણ સહન કરવા તૈયાર ન હતા. છેલ્લા શ્વાસે (અંતિમ પળોમાં) પણ પોતાના અક઼ીદતમંદો અને વારસદારોને જેવી વસિય્યત કરી તે પણ એ જ હતી કે **''જેનાથી અલ્લાહ તથા રસૂલની શાનમાં તૌહીન જોવામાં આવે પછી તે તમારો ગમે તેટલો પ્રિય કેમ ન હોય, તત્કાળ તેનાથી અલગ થઈ જાવ! જેને બારગાહે રિસાલતમાં જરા પણ ગુસ્તાખ જુઓ પછી તે ગમે તેવો બુઝુર્ગ કેમ ન હોય, પોતાના અંદરથી તેને દૂધની માખીની જેમ કાઢીને ફેંકી દો.''** *(વસાયા શરીફ)*

## ★ આ'લા હઝરત વિશે દેવબંદી પેશવાઓનાં નિવેદનો ★

મેં સહીહ બુખારીનો દર્સ મશ્હૂર દેવબંદી આલિમ શૈખુલ હદીષ મૌલાના મુહમ્મદ ઈદ્રીસ કાંધલવીથી લીધો છે. કયારેક કયારેક આ'લા હઝરતનો ઉલ્લેખ આવી જતો તો મૌલાના કાંધલવી ફર્માવતા : મૌલ્વી સાહબ ! (અને આ મૌલ્વી સાહબ તેમનો તકિયા કલામ હતો) મૌલાના અહમદ રઝા ખાનની બખ્શિશ તો એ જ ફત્વાઓના કારણે થઈ જશે.'' અલ્લાહ તઆલા ફર્માવશે, ''અહમદ રઝા ખાન ! તમને અમારા રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم થી એટલી મહોબ્બત હતી કે આટલા મોટા મોટા આલિમોને પણ તમોએ માફ કર્યા નથી, તમોએ સમજ્યું કે તેમણે તૌહીને રસૂલ કરી છે. તો તેમના પર પણ કુફ્રનો ફત્વો લગાડી દીધો. જાવ ! એ જ એક

અમલ પર અમોએ તમારી બખ્શિશ કરી દીધી !" ઓછા વત્તા એ જ અંદાઝનો એક બનાવ મુફતીએ આ'ઝમ પાકિસ્તાન મૌલાના મુફતી મુહમ્મદ શફીઅ દેવબંદીથી મેં સાંભળ્યો. તેમણે ફર્માવ્યું :–

"જ્યારે હઝરત મૌલાના અહમદ રઝાખાન સાહેબની વફાત થઈ તો હઝરત મૌલાના અશરફ અલી થાનવીએ બેઈખ્તિયાર દુઆ માટે હાથ ઉઠાવી દીધા. જ્યારે તેઓ દુઆ કરી ચૂકયા તો હાજરજનોમાંથી કોઈએ પૂછયું : તેઓ તો જીવનભર આપને કાફિર કહેતા રહ્યા અને આપ તેમના માટે મગફિરતની દુઆ કરી રહ્યા છો ? તેમણે કહ્યું : (અને એ જ વાત સમજવા જેવી છે) કે મૌલાના અહમદ રઝાખાં એ અમારા પર કુફ્રના ફત્વના એટલા માટે લગાડયા કે તેમને યક઼ીન હતું કે અમોએ તૌહીને રસૂલ કરી છે. જો તેઓ આ યક઼ીન રાખવા છતાં પણ અમારા પર કુફ્રનો ફતવો ન લગાડતા તો તે ખૂદ કાફિર થઈ જતા."

હક઼ીક઼તમાં જેને લોકો ઈમામ અહમદ રઝાની સખ્તાઈ ઠરાવે છે તે બારગાહે રિસાલતમાં તેમના અદબ તથા સાવધાનીની નીતિનું પરિણામ હતું. શાઈરે શાઈરી નથી કરી શરીઅતની તર્જુમાની કરી છે. જ્યારે આ કહ્યું કે :–

**અદબ ગાહેસ્ત ઝેરે આસ્માં અઝ અર્શ નાઝૂકતર**
**નફસ ગુમ કરદહ મીં આયદ જુનૈદો બાયઝીદ ઇંજા**

અને મારો પોતાનો એક શેઅર છે :–

**લે સાંસ ભી આહિસ્તા કે દરબારે નબી હૈ**
**ખતરા હૈ બહુત સખત યહાં બે અદબીકા**

અદબ અને સાવધાનીની એ જ નીતિ ઈમામ રઝાની તક઼રીર તથા તહરીર (પ્રવચન તથા લખાણ)ના એક એક શબ્દથી જાહેર છે. એ જ તેમની ગુપ્ત જ્વલન છે જે તેમનો પ્રાણવાયુ છે, તેમના ઈમાનનો અંશ

છે, તેમની આહોનો ધુમાડો છે, કોનો મકાંનું નિષ્કર્ષ છે, ફરિશ્તાઓના રશ્કના કારણરૂપ છે, આશિકાના હૃદયની રાહત છે, સાલિકોની આંખોનો સુરમો છે.

### ★ કન્ઝુલ ઈમાન કુર્આનનો ઈમાની તર્જુમો ★

કન્ઝુલ ઈમાનનો તર્જુમો છે : وَوَجَدَكَ ضَآلًّا فَهَدٰى ના તર્જુમાને જોઈ લો.

કુર્આન પાક ગવાહી આપે છે :– مَاضَلَّ صَاحِبُكُمْ وَمَاغَوٰى ''રસૂલે ગિરામી ન ગુમરાહ થયા ન ભટકયા. ضَلَّ માઝીનો સેગો છે. મતલબ એ છે કે માઝી (ભૂતકાળ)માં આપ કયારેય ગુમગશ્તા રાહ (પથ ભ્રષ્ટ) નથી થયા. અરબી ભાષા એક સમુદ્ર છે. તેનો એક એક શબ્દ કેટ કેટલાએ ભાવાર્થ ધરાવે છે, તર્જુમો કરનારાઓ પોતાના અક઼ાઈદ તથા ચિંતનના રંગમાં તેમનો કોઈ પણ મતલબ અપનાવી લે છે. وَوَجَدَكَ ضَالًّا નો તર્જુમો માઝીની કુર્આની શહાદતને સામે રાખી અઝમતે રસૂલના ઐન અનુસાર કરવાનો સંજોગ હતો પરંતુ તર્જુમો કરનારાઓને પૂછો કે તેમણે આયતે કુર્આનીથી શું ઈન્સાફ કર્યો છે ?!

દેવબંદીઓના શૈખુલ હિન્દ મૌલાના મહમૂદુલ હસન તર્જુમો કરે છે : ''અને જોયો તને ભટકતો, પછી માર્ગ સમજાવ્યો.''

કહેવાય છે કે મૌલાના મહમૂદુલ હસન અદીબ (સાહિત્યકાર) ન હતા, તેમનાથી ચૂક થઈ ગઈ. આવો ! ખ્યાતનામ સાહિત્યકાર અને મશ્હૂર લેખક તથા પત્રકાર મૌલાના અબ્દુલમજીદ દરિયાબાદી તરફ જઈએ છીએ, તેમનો તર્જુમો છે : ''અને આપને બેખબર જોયા જેથી રસ્તો બતાવ્યો.''

મૌલાના દરિયાબાદી જૂની ઘરેડના ભાષા શાસ્ત્રી હતા. તેમની

કલમથી પણ નજર ફેરવી લઈએ. પણ આ દૌરમાં ઉચ્ચ ઉર્દૂમાં લખવાવાળા નામાંકિત કલમબાઝ મૌલાના અબુલ આ'લા મૌદૂદીના દરવાજા પર ટકોરો મારો ! તેમનો તર્જુમો આ રીતે છે : ''અને તમને નાવાકિફ (અપરિચિત) રાહ જોયા અને પછી હિદાયત બખ્શી.''

પયગમ્બરની ગુમરાહી અને પછી હિદાયત પામવામાં જે જે વસવસા અને આશંકાઓ લુપ્ત છે તેમને નજરમાં રાખો અને પછી કન્ઝુલ ઈમાનમાં ઈમામ અહમદ રઝાના તર્જુમાનો જુઓ.

**બયા વર્દ ઇં જા બુવદ સુખન દાને**
**ગરીબ શહર સુખન આયદ ગુફ્તની દારદ**

ઈમામે શું ઈશ્ક઼ અફરોઝ અને અદબ આમોઝ તર્જુમો કર્યો ! ફર્માવે છે :–

**''અને તમને પોતાની મહોબ્બતમાં ખૂદરફતા (ઉન્મત) જોયા તો પોતાની રાહ આપી.''**

શું જુલ્મ છે કે ફિર્કા પરવર લોકો (ગુસ્તાખ સલ્માન) રશ્દીની બકવાસ પર તો જીભ ખોલવાથી અને ઈસ્લામી જગતના કદમ બ કદમ કોઈ કાર્યવાહી કરવામાં એટલા માટે સંકોચ કરે કે કયાંક પોષણ કરનાર આકાઓ નારાજ ન થઈ જાય ! પરંતુ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના આ ઈમાન પરવર તર્જુમા પર પાબંદી લગાવી દે જે ઈશ્કે રસૂલનો ખજાનો અને ઈસ્લામી અર્થનો ભંડાર છે.

**જુનૂંકા નામ ખિરદ રખ દિયા ખિરદકા જુનૂં**
**જો ચાહે આપકા હુસ્ને કરિશ્મા સાઝ કરે**

## ★ શાયરીના મેદાનમાં આ'લા હઝરતનો મક઼ામ ★

શાયરી એક અલગ મેદાન છે જયાં આપોઆપ અદબ તથા સાવધાનીનો પાલવ હાથમાંથી છૂટી જાય છે. અને શાયરીમાં પણ નઅત

ગોઈની સિનફ (પ્રકાર) તો એક એવી મુશ્કેલ સિનફે સુખન છે જેમાં એક એક કદમ પુલસિરાત પર મૂકવો પડે છે ! અહીંયા એક તરફ મહોબ્બત છે તો એક તરફ શરીઅત. એક શાઈરે રોઝએ રસૂલ પર પોતાની હાજરીનો નકશો આવી રીતે ખેંચ્યો છે :–

**કિસ બીમ વ રજા કે આલમમેં તયબહકી ઝિયારત હોતી હૈ**
**એક સમ્ત મહૃબ્બત હોતી હૈ એક સમ્ત શરીઅત હોતી હૈ**

પરંતુ આ કૈફિયત હકીકતમાં કેવળ રોઝએ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم પર હાજરીના સમયે જ તારી થતી નથી, નઅત કહેતા સમયે દરેક શેઅર એ જ પરીક્ષા તથા કસોટી પર પરખાય છે. અહીંયા પણ એક તરફ મહોબ્બતના તકાદા પૂરા કરવામાં આવે તો એક એક શબ્દ શરીઅતના ઝખમોનો અપરાધી ઠરે. અરફ સીરાઝીએ આ નાઝૂક પરિસ્થિતિને પોતાના એક શેઅરમાં આવી રીતે બયાન કરી છે :

**તર્જુમો** : ઉર્ફી ઉતાવળે ઉતાવળે કદમ ન ઉપાડ, આ નઅતનું મેદાન છે, રણ નથી ! ધીમે ધીમે ! ચાલ કેમ કે તું તલવારની ધાર પર કદમ મૂકી રહ્યો છે.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ને પણ આ મુશ્કેલીનો સંપૂર્ણ એહસાસ છે. તેઓ મલ્ફૂઝાતમાં ફર્માવે છે : નઅત કહેવું તલવારની ધાર પર ચાલવું છે. વધે છે તો ઉલૂહિયત (ખુદાઈ)માં પહોંચી જાય છે, અને કમી (ઉણપ) કરે છે તો તન્કીસ (અપમાન) થાય છે. એટલા માટે એક જગ્યાએ ફર્માવ્યું : કુર્આનથી મેં નઅતગોઈ શીખી. આ સ્તરને સામે રાખીને નઅતિયા શાયરીના સંગ્રહો પર નજર નાખીએ છીએ તો તેના પર કેવળ એક જ શાઈર પૂરો ઉતરે છે અને તે ખૂદ ઈમામ અહમદ રઝા ખાન બરેલ્વી رحمۃ اللہ علیہ છે ! આપ સૌ જાણો છો કે હું અદબી સાહિત્યનો તાલિબે ઈલ્મ છું. ખરો, ખોટો શેઅર પણ કહી લઉં છું.

ઉર્દૂ, ફારસી ત્રણે ભાષાઓના નઅતિયા કલામ મેં જોયા છે અને ઝીણવટથી જોયા છે. હું ખંડનના ડર વગર કહું છું કે તમામ ભાષાઓ અને તમામ જમાનાઓનો સમગ્ર નઅતિયા કલામ એક તરફ અને શાહ અહમદ રઝાનો સલામ **"મુસ્તફા જાને રહમત પર લાખો સલામ"** એક તરફ. બંનેને એક ત્રાજવામાં મૂકવામાં આવે તો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના સલામનું પલ્લુ તો પણ નમેલું રહેશે.

**હું જો એમ કહું કે આ સલામ ઉર્દૂ ભાષાનો "ક઼સીદા બુર્દહ" છે તો તેમાં જરા પણ અતિશયોકિત નથી.** જે ભાષા તથા બયાન, જે સોઝો ગુદાઝ (જ્વલન, નરમાઈ) જે મઆરિફ તથા હક઼ાઈક઼, કુર્આન તથા હદીષ અને સીરતનાં જે રહસ્યો તથા અંદાઝ, જે અનોખાપણુ આ સલામમાં છે તે કોઈ ભાષાની શાઈરીના કોઈ શહપારામાં નથી. મને અફસોસ છે કે લેખક હઝરતોએ આ દિશાએ ધ્યાન આપ્યું નથી, નહીં તો તેના એક એક શેઅરની ટીપ્પણીમાં કેટકેટલીએ કિતાબો લખી શકાય છે.

એક શેઅર વાંચુ છું. હું દાવાથી કહું છું કે આપે કોઈ ભાષાની શાયરીમાં સરકાર ખતમી મર્તબત صلی اللہ تعالیٰ علیہ وسلمની દાઢી મુબારકની આ પ્રશંસા સાંભળી ન હશે. જરા કલ્પના કરો ! એક નહેર છે અને તેની આસપાસ લીલોતરી છે, તે લીલોતરીથી નહેરનું સૌંદર્ય બમણુ થઈ ગયું છે. હવે નહેરે કોને કહ્યું : સરકારના પવિત્ર દહન (મુખ)ને, નહેર અરબી ભાષામાં નદીને કહે છે. આપના પવિત્ર મુખને રહમત, કૃપાની નહેર ઠરાવી કે એક રહમતનો દરિયો છે જે આ પવિત્ર મુખથી તરંગિત છે. એક ફારસી શાઈરે કહ્યું છે :–

**ન રફ્ત 'લા' બઝબાન મુબારકશ હરગિઝ**
**મગર બઅશ્હદુઅન્ લાઈલાહ ઈલ્લલ્લાહ**

આપની પવિત્ર જીભેથી "અશહદુ અન્ લાઈલાહ ઈલ્લલ્લાહ"માં જે "લા" છે તેના સિવાય લા અર્થાત નહીંનો શબ્દ કયારેય કહ્યો નથી. શાહ રઝા કહે છે :–

**વાહ કયા જૂદો કરમ હૈ શહે બતહા તેરા**
**'નહીં' સુનતા હી નહીં માંગનેવાલા તેરા**

આ પવિત્ર મુખ, આ રહમતની નહેર પર તાઈફના પ્રવાસમાં પત્થરોની વર્ષા થઈ, પવિત્ર મસ્તકથી લોહી વહ્યું, ના'લેન મુબારક (પવિત્ર જોડા) સુધી આવી ગયું પરંતુ હાથ દુઆ માટે ઉઠાવીને અર્ઝ કરી : "હે અલ્લાહ ! મારી કૌમને હિદાયત (સન્માર્ગ) નસીબ કર. આ લોકો જાણતા નથી, જાણકારી ધરાવતા નથી, મારા સ્થાન અને પૈગામથી બેખબર છે."

તો આ પવિત્ર મુખને કૃપાની નહેર કહ્યું અને પવિત્ર દાઢી શું છે ? આ કૃપાશાળી નહેરની આસપાસ લહેરાતી હરિયાળી. જેણે કૃપારૂપી નહેરને ચાર ચાંદ લગાડી દીધા છે. હવે શેઅરનું અવલોકન કરો :

**ખત કેર ગિર્દ દહન વહ દિલ આરા ફબન**
**સબઝહ નહરે રહમતપે લાખોં સલામ**

હઝરત અહમદ રઝા رحمة الله عليه આગળ વધે છે, સરકારની, આપની પુનિત પત્નીઓની, સહાબાએ કિરામ, અહલે બયતની, ઔલિયાએ કેબારની ખાસ કરીને હઝરત ગૌષુલ આ'ઝમની જે ઈમામુલ ઔલિયા છે પ્રશંસા કરવા પછી હેતુનો શબ્દ જીભ પર લાવે છે. પરંતુ તેમાં પણ શું વિશેષતા અને વિશિષ્ટતા છે. દરખાસ્ત જાતી (અંગત) નહીં જમાઅતી (સામૂહિક) છે, વ્યકિતગત નહીં વિશિષ્ટ છે, કેવળ પોતાના માટે નહીં સમસ્ત ઉમ્મત માટે છે. કહે છે :–

**એક મેરા હી રહમત મેં દા'વા નહીં**
**શાહકી સારી ઉમ્મત પર લાખોં સલામ**

અને ખૂદ શું ઈચ્છે છે ? આ સલામ અને નઅત લખવાનો હેતુ શું છે ? કહે છે, ''હું તો કેવળ એટલું ઈમાન ઈચ્છુ છું કે કયામતના દિવસે જ્યારે સૌ આપ પર સલામ મોકલી રહ્યા હોય, તે ફરિશ્તા જે આપની ખિદમત માટે નિયુકત છે મને અવાજ આપીને (બોલાવીને) કહે : ''અહમદ રઝા તમે પણ સલામ ફર્માવો, એ જ સલામ **''મુસ્તફા જાને રહમત પે લાખો સલામ''** તો મારી મજૂરી વસૂલ થઈ જશે.

**કાશ ! મહશરમેં જબ ઉનકી આમદ હો ઔર**
**ભેજેં સબ ઉનકી શૌકત પે લાખોં સલામ**
**મુઝસે ખિદમતકે કુદસી કહેં હાં 'રઝા'**
**મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ**

વાત લાંબી થઈ ગઈ. કહેવાનો મતલબ એ છે કે વિરોધીઓ જે વાતને શાહ અહમદ રઝા رحمۃ اللہ علیہનું તશદુદ (કડકાઈ) કહે છે તે તશદુદ નથી, તેમનો ઈશ્કે રસૂલ છે. તેમનો અદબ તથા સાવધાની છે, જે ફતવા નવેસીથી લઈને કુર્આનના તર્જુમા સુધી, અને કુર્આનના તર્જુમાથી લઈને નઅતિયા શાઈરી સુધી દરેક સ્થળે સૂર્ય, ચંદ્ર બનીને પ્રકાશ ફેલાવી રહેલ છે.

## ★ આ'લા હઝરત અને અંગ્રેજ નવાઝી ?! ★

અને કહેવાવાળાઓની જીભ કોણ રોકી શકે છે ? તેઓ તો એમ પણ કહે છે કે, ''હઝરત અહમદ રઝા رحمۃ اللہ علیہ પ્રથમથી અંત સુધી અંગ્રેજનવાઝ હતા ! ખિલાફત, અસહકાર અને હિજરતની ચળવળ અને હિજરતની સઘળી ઈન્કિલાબી ચળવળોમાં તેમનું વલણ દુશ્મની પર

આધારિત હતું. હિન્દુસ્તાન દારૂલ ઈસ્લામ અને દારૂલ હર્બ હોવાના વાદ વિવાદમાં પણ તેમનું દષ્ટિકોણ પ્રતિક્રિયાવાદી હતું. એટલા માટે ઉપખંડની આઝાદી ચળવળમાં તેમણે કેવળ નકારાત્મક કિરદાર અદા કર્યો અને બસ.''

સૌથી પહેલાં તો એ વાતને સમજવાની જરૂર છે કે ઈમામ અહમદ રઝા પોલિટીશ્યન (રાજકરણી) ન હતા, નીતિજ્ઞ હતા. રાજકરણી લીડરો અવામ (લોકો)ની ઈચ્છાઓના તાબે હોય છે ત્યારે નીતિજ્ઞો દૂરંદેશીથી પરિસ્થિતિનું રૂખ નિયુકત કરે છે. કોઈ શંકા નથી કે મઝકૂર ચળવળો પોતાના સમયમાં ભાવુકતાનો વહેતો પ્રવાહ હતી પરંતુ આ આંદોલનોનું પરિણામ શું આવ્યું ? હિજરત ચળવળ પર આલોચના કરતાં મૌલાના રઈસ અહમદ જાફરી નદવી લખે છે :–

''પછી હિજરતની ચળવળ ઉઠી, અઢાર હજાર મુસલમાનો પોતાના ઘરબાર, મિલ્કત, અસબાબ વગેરે વેચીને (ખરીદવાવાળા અધિકતમ હિન્દુઓ જ હતા) અફઘાનિસ્તાન હિજરત કરી ગયા જેઓ પાછા આવ્યા તબાહ હાલ, દુઃખી, નિઃસહાય, મુફલિસ, દરિદ્ર, નિર્ધન થઈ ગયા. જેઓને હલાકત, વિનાશ નથી કહેતા તો શું કહો છો ?''

અને હિજરત ચળવળ એ ચર્ચાનું તાર્કિક પરિણામ હતું કે હિન્દુસ્તાન દારૂલ ઈસ્લામ છે કે દારૂલ હર્બ. ઈમામ અહમદ રઝા તેને દારૂલ હર્બ ઠરાવતા ન હતા. તેઓ જાણતા હતા કે તેનાથી મુસલમાનો માટે વ્યાજ ખાવું તો જાઈઝ થઈ જશે પરંતુ હિજરત અને તલવાર ઉપાડવું તેમના પર લાઝિમ થઈ જશે. તેઓ તેને દારૂલ ઈસ્લામ ઠરાવતા હતા કે સંકડો વર્ષ મુસલમાન તેના પર શાસક રહ્યા હતા. અત્યારે પણ એ સરઝમીન પર અમન ન હતું અને મુસલમાનોની દીની અદાયગીમાં કોઈ રુકાવટ ન હતી.

એક એવો મર્દે મોમિન જેને અંગ્રેજી સામ્રાજ્યથી એટલી નફરત હોય કે તે તેની કચેરીમાં જવાને હરામ સમજતો હોય, જે મુક઼દ્દમો ક઼ાયમ થવા છતાં તેની અદાલતમાં ન ગયો હોય, જે પત્ર લખતો હોય તો કાર્ડ અને કવરની ઉલ્ટી બાજુએ સરનામું લખતો હોય કે જેથી અંગ્રેજ રાજા અને રાણીનું મસ્તક નીચે દેખાય, જેણે અવસાનના બે કલાક પહેલાં એ વસિય્યત કરી હોય કે રૂમમાંથી ટપાલમાં આવેલ તે સઘળા પત્રો કે જેના પર રાણી અને રાજાના ફોટા છે અને તમામ સિક્કા અને રૂપિયા, પૈસા જેના પર આ ફોટા છે સૌને બહાર ફેંકી દેવામાં આવે કે જેથી રહમતના ફરિશ્તાઓને આવવામાં દુશ્વારી ન થાય. જેણે ના'ત ગોઈમાં પણ કોઈને નમૂનો માન્યો અને તેને નઅત કહેનાર સુલ્તાન ઠરાવ્યો તો તે મૌલાના હઝરત કિફાયત અલી કાફી હતા જેમણે ઈ.સ. ૧૮૫૭ના જંગે આઝાદીમાં અંગ્રેજો વિરૂધ્ધ જેહાદનો ફત્વો આપ્યો. આ સિલસિલામાં બાક઼ાયદા આંદોલન કર્યું અને ૧૮૫૮માં મુરાદાબાદ ચોકમાં તેમને સૌની સામે ખુલ્લા મેદાનમાં ફાંસી આપવામાં આવી. તેના વિશે એમ કહેવું કે તે અંગ્રેજોનો સમર્થક હતો ! એ એવું છે જાણે કોઈ કહે કે સૂર્ય અંધકાર, ફૂલ દુર્ગંધ, ચંદ્ર ગરમી, સમુદ્ર ખૂશ્કી, વસંત પાનખર, પાણી તાપ, હવા અવરોધ અને હિકમત જહાલતનું બીજુ નામ છે !

**પાપોશમેં લગાઈ કિરન આફતાબ કી**
**જો બાત કી ખુદાકી ક઼સમ લા જવાબ કી**

آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ و التسلیم

# આખિર આ'લા હઝરત હય ક્યા ?!

અઝ : શયખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદની અશરફીયુલ જીલાની કછોછવી مدظلہ العالی
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
*(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

نَحْمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَارَسُوْلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَاحَبِیْبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیْکَ یَا نُوْرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْکَ وَسَلَّمَ

**બારગાહે આ'લા હઝરત ઈમામે અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ મેં.....**

## હઝરત શયખુલ ઈસ્લામ કા નઝરાનએ અક઼ીદત

આપ લોગ જિન ઈલાકોં મેં રહતે વહાં કા ક્યા દસ્તૂર હય, યે મુઝે નહીં માલૂમ. મગર મેં જિસ ઈલાકેકા કા રહનેવાલા હૂં વહાં બચ્ચા જબ ચાર સાલ, ચાર મહિને, ચાર દિનકા હોતા હૈ, તો ઉસકો મકતબમેં

બિઠા દિયા જાતા હૈ. હમારે યહાં બગદાદી કાયદા પળ્હનેકા દસ્તૂર હૈ. તો ઈસ ઉમ્ર મેં સામને એક મોઅલ્લિમ લેકર બૈઠ જાતા હય, કે બચ્ચા ચાર સાલ ચાર મહિને ચાર દિનકા હોતા હૈ. યે પુરાના દસ્તુર ચલા આ રહા હૈ ઔર અબ ભી ચલ રહા હૈ. ઈસી દસ્તૂર કે મુતાબિત ઉસી દસ્તૂર વાલે ઈલાકે મેં એક બચ્ચેકા વાકિઆ મૈં સુનાઉં, કે જબ વો ચાર સાલ ચાર મહિને ચાર દિનકા હુઆ તો ઉસકો મક્તબમેં બિઠા દિયા ગયા. ઉસ્તાદને સામને દો ઝાનૂં તહ કરકે બૈઠ ગયા. મજમા અજીબ લગા હુવા હૈ. બચ્ચે કે ઘરવાલે, દુસરી ભી કાબિલે એહતેરામ શખ્સિયતે, ખાનદાનવાલે, દુસરે ભી અહબાબો અઈઝ્ઝા આ ચૂકે હૈં, તકરીબ મેં શિર્કત કે લિએ.

## ★ યહ બચ્ચા પળ્હને આયા હૈ કે પળ્હાને ?! ★

આપ ખયાલ કરેં, ઔર ચાર સાલ ચાર મહિને ચાર દિનકે બચ્ચોંકો ઝહન કે રખ્ખેં જિનકો આપ બાર બાર દેખતે હૈં. ઔર ઉનકી ઝહની ઉડાન, ઉનકી ઝહની ગહરાઈયોંકો આપ સોચેં તો મસ્અલે કો સમઝનેમેં આપકો ઔર આસાની હોગી. બચ્ચા બૈઠ ગયા. અબ ઉસ્તાદ એક એક લફ્ઝ કહતા જા રહા હૈ ઔર બચ્ચા ઉસકો દોહરા રહા હૈ. ઉસ્તાદને શુરૂ કિયા, ''બિસ્મિલ્લા હિર્રહ્મા નિર્રહીમ...'' બચ્ચેને ભી દોહરા દિયા. 'બિસ્મિલ્લાહિર્રહમા નિર્રહીમ...' ઉસકે બાદ ઉસ્તાદ ને શુરૂ કિયા 'અલિફ' ઉસને ભી કહ દિયા 'અલિફ'. ઉસકે બાદ ફિર 'બે' ઔર 'તે' એક એક લફઝ ઉસ્તાદ કહતે જા રહા હય, બચ્ચા દોહરાતા જા રહા હૈ, ચલતે ચલતે એક ઐસી મંઝિલ આયી કે ઉસ્તાદ ને કહા 'લામ અલિફ' ! બચ્ચા ખામોશ હો ગયા ! ઉસ્તાદ કહતા હૈ, પળ્હો. બચ્ચા, ખામોશ ! એક હયરત કી કી કેફિયત, એક સકતે કા આલમ ! ઐસી ભી બાત નહીં થી કે બચ્ચા તલફફુઝ કરને પર કાદિર નહીં થા. અગર કાદિર નહીં

હોતા તો.... પૂરી કુદરત ઉસ બચ્ચે કો હૈ મગર ખામોશ હૈ. ઉસ્તાદ કહતા હય 'લામ અલિફ' મગર બચ્ચા ખામોશ ! ખામોશીકી વજહ ? બાપને ઈશારા કિયા બેટા, વજહ બતાઓ ?! બચ્ચા કહતા હૈ, અભી ઈસસે પેહલે હમારે ઉસ્તાદને 'લામ' કો ભી પળ્હા દિયા 'અલિફ' કો ભી પળ્હા દિયા. 'લામ' કા ભી ઝિક્ર હો ચૂકા 'અલિફ' કા ભી ઝિક્ર હો ચૂકા, અબ ઈસકી તકરાર કી ઝરૂરત ક્યા ? અબ ઉસકો દોહરાનેકી ઝરૂરત ક્યા ? તો ઉસ્તાદને કહા, બેટે ! બાત યે હૈ કે જિસકો મૈંને 'અલિફ' કહા થા, વો 'અલિફ' નહીં હૈ, વો અસ્લ મેં 'હમ્ઝા' હૈ. ઈસ લિએ કે 'અલિફ' પર કોઈ હરકત નહીં હોતી. ઔર જિસ પર હરકત હો વો 'અલિફ' નહીં. 'અલ્હમ્દ' મેં આપ તો કહને પર 'અલિફ' કહતે હંય, મગર વો અસ્લમેં 'હમ્ઝા' હૈ ઔર વહી 'હમ્ઝા' જબ દરમિયાન મેં આતા હય તો ઝટકેસે પળ્હા જાતા હય. ઔર વહી 'હમ્ઝા' જબ દરમિયાન મેં આતા હય તો ઉસકો ઝટકેસે નહીં, અયસા પળ્હતે હંય જૈસે આપ 'અલિફ' પઢતે હંય. તો 'અલિફ' કે અંદર હરકત નહીં હોતી. તો જિસ લફ્ઝ મેં હરકત ન હો ઉસકી અદાયગી કૈસે કી જાએ ? ઈસ લિએ લામ લગા દિયા ગયા હય, 'લા' બચ્ચેકો તો 'લામ' અલિફ' કહતે હંય મગર વો હય 'લા' ઈસલિયે કે જો સાકિન હો વો જબ તક ઉસે કોઈ મુતહર્રિક મિલા ન હો ઉસકા તલફ્ફૂઝ હી નહીં હો સક્તા.

ઝરા ખ્યાલ કરેં, તો બચ્ચેને કહા, માલૂમ યે હુવા કે યે કોઈ નયી ચીઝ હે. યે 'અલિફ' હય યે નયી ચીઝ હય. પેહલે જો થા વો 'હમ્ઝા' થા. બચ્ચે કી સમઝમેં યે બાત આ ગઈ.

યહી બાત અગર હય તો 'લામ' કે લાને કી તખ્સિસ ક્યા થી ? અગર 'અલિફ' કા તલફ્ફૂઝ હી કરના થા તો 'લા' કી જગહ 'બા' ભી તો હો સકતા થા, 'જા' ભી તો હો સક્તા થા, 'જા' ભી તો હો સકતા થા.

કિસી ભી લફઝ કો મિલા દિયા જાતા, યે 'લામ' હી ક્યૂં લાયા ગયા ? અબ યે વક્‌ત થા કે ઉસ્તાદ ખામોશ થા ! મગર બાપ કે જિગરમેં મસર્રત કી લહરેં ઉઠ રહી થી, બાપ કે દિલો દિમાગમેં મસર્રત કી મૌજેં ઉઠ રહીથી. ઔર બાપને ઈસ રાઝકો ખોલા કે દેખો, 'લામ' મેં ઔર 'અલિફ' મેં એક ક઼લ્બી મુનાસેબત હય. એક અંદરૂની રાબતા હય. ઉસકો અયસે આપ સમઝેંગે. ઝરા ઉર્દૂમેં લિખ્ખેંગે. ઔર ફિર 'લામ' ઉર્દૂમેં લિખ્ખેં તો 'લામ અલિફ–મીમ', 'અલિફ' જબ આપ લિખ્ખેંગે તો અલિફ–લામ–ફે'. તો 'અલિફ' (લફઝ) મેં 'અલિફ' જબ લીખતેં હંય તો 'લામ' ભી બીચમેં આતા હૈ. ઔર 'લામ' (લફ્ઝમેં) લિખ્ખો તો 'અલિફ' બીચમેં આતા હૈ. ઔર 'લામ' (લફઝમે) લિખ્ખો તો 'અલિફ' બીચમેં. તો કહા કે ઈન દોનોંમેં ઈત્તેહાદે ક઼લ્બી હૈ. યે દો હો કે ભી એક હૈ. (દુરૂદ શરીફ)

## ★ આ'લા હઝરતકા ઈલ્મી કમાલ ! ★

બાત તો ખત્મ હો ગઈ, મગર મૈં આપસે પૂછતા હૂં યે બચ્ચા પળ્હને આયા હય યા પળ્હાને આયા હય ? ! માલૂમ હુવા કે યે આમ બચ્ચોંકી તરહ કોઈ બચ્ચા નહીં હય. ઔર ઝિંદગી કા મુસ્તક઼બિલ ભી બતા રહા હય કે ઈસકા મુસ્તક઼બિલ બહોત તાબનાક હય. યાદ રખ્ખો દોસ્તો ! ચાર સાલકો નિકાલ દો, ૧૪ સાલકી કી ઉમ્ર કે બચ્ચે દેખો. ૧૪ સાલકી ઉમ્ર કા બચ્ચા જો તહારત કા ભી સલીક઼ા ન જાને, જો ઉઠને બૈઠને કા ભી તરીક઼ા ન જાને, મગર યહી બચ્ચા જબ ૧૪ સાલ કા હોતા હય તો પચાસ ઈલ્મો ફન કા ઈમામ હોતા હય ! પચાસ ઈલ્મોફન કા સિર્ફ જાનનેવાલા હી નહીં, ઈમામ હોતા હય ! તો ઈસ ઈમામત કો હાંસિલ કરનેમેં આપકો માલૂમ હય કિતને સાલ લગે ? ચાર સાલ તો આપ નિકાલ હી દીજીએ. બચેંગે દસ હી સાલ. ઉસમેં ભી ચાર મહિના

ચાર દિન કો ઉસમેં ભી અલગ કર દો. મગર, આપ દસ સાલ રખ્ખેં. **દસ સાલ કે અંદર કોઈ શખ્સ કિસી એક ફનમેં ભી માહિર નહીં હો સક્તા.** મગર યે બચ્ચા દસ સાલકે અંદર પચાસ ફનમેં..... મેં ને હિસાબ લગાયા તો એક ફન કી ઈમામતમેં સિર્ફ ૭૨ દિન લગે હંય ! ૭૨ દિનમેં એક ફનકા ઈમામ હો જાએ ! આજ હિન્દુસ્તાન હી નહીં, આજ પૂરી દુન્યામેં કોઈ ઐસા શખ્સ હૈ હી નહીં. હય (કોઈ) જો પચાસ ફન કા નામ સુના દે ! ઉસને તો ૫૦ ફન પર કિતાબ લિખ ડાલી ! (દુરૂદ શરીફ)

ઈસ લિએ દોસ્તો, જબ મેરે સામને 'ઈમામ અહમદ રઝા'કો કોઈ આલિમ કહતા હય, ફક઼ીહ કહતા હય, મેરે સામને જબ 'ઈમામ અહમદ રઝા'કો કોઈ સૂફી કહતા હય, મુફસ્સિર કહતા હય, મોહદ્દિષ કહતા હય, મોતકલ્લિમ કહતા હય, ખતીબ કહતા હય, મુસિન્નફ કહતા હય તો મૈં સમઝતા હૂં કે ઈસ ઝાતકા હક઼ અદા નહીં હો રહા હય, યે અલ્ફાઝ બળે હલ્કે હંય, આલિમ તો, દસ સાલકે કોર્સવાલા ભી આલિમ હો જાતા હય, ચાહે ઉસે એક ફન મેં ભી કમાલ ન હો. આલિમ કહના ગલત ! મૈં ફક઼ીહ કહતા હૂં તો મુઝે ઈત્મિનાન નહીં હોતા. ઈસ લિએ કે અયસા ફક઼ીહ તો હમને નહીં દેખા હય, અયસા મોહદ્દિષ નઝર નહીં આતા, અયસા મુફસ્સિર નઝર નહીં આતા. ''ઈસ લિએ મેરી સમઝ મેં નહીં આતા કે **યે કયસા ફક઼ીહ હય જો ચાર સાલમેં અપને ઉસ્તાદસે અયસા સવાલ કરે કે ઉસ્તાદકી ઝુબાન ભી સાકિત હો જાએ** ! તો ઉસકો હમ કયસે સિર્ફ આલિમ કહ કે ગુઝર જાએં, સિર્ફ ફક઼ીહ કહકે ગુઝર જાએં, સિર્ફ મુફસ્સિર કહ કે ગુઝર જાએં ?!

દોસ્તો, ફક઼ીહોં કો ભી હમને દેખા હય, આલિમોં કો ભી હમ જાનતે હંય, મુફસ્સિરીન કો ભી હમ જાનતે હંય. યાદ રખ્ખો ! એક ઈન્સાનસે એક હી વક઼્તમેં દો તરફ તવજ્જોહ નહીં હો સકતી. યહાં તક કિ હુકમાંને

તો ઝાબ્તા બના દિયા, "અલવાહિદુ લાયસદુરુ મિનહુમ ઈલ્લલ વાહિદ" વાહિદસે એક હી વાહિદ બાત હોતી હૈ, વાહિદસે એક હી તરફ તવજ્જોહ હો સક્તી હય. અયસા નહીં હો સક્તા કે આપકી તવજ્જોહ એક વક્તમેં મુખ્તલિફ તરફ હો. મગર ક્યા તુમને અયસે મુફતી કો સુના હય ? ક્યા અયસા મુફતી તુમ્હારે ઈલ્મો ખબર યા તુમ્હારી સમઝમેં આતા હય ? ક્યા દુનિયામેં અયસા ભી કોઈ મુફતી હો સકતા હય ? યે સાથ ખળે હૂએ હંય, ઈસ્તિફતા લિએ હૂએ ખળે હંય, એક નહીં દો નહીં દો દરઝન આદમી ખળે હૂએ હંય ઔર ઉસકે બાદ મુફતી અપની જગહ પર બૈઠા હુઆ હય. ઉસકે બાદ પેહલેસે પૂછા, તુમ્હારા સવાલ ક્યા હય ? ઉસને સુના દિયા. દુસરે સે કહા, તુમ્હારા સવાલ ક્યા હય ? ઉસને સુના દિયા. ફિર તીસરે સે કહા.........સબકા સવાલ સુન લિયા. યહાંસે વહાંસે વહાં તક સુન લિયા. અબ કહતે હંય અચ્છા તુમ યે જવાબ લિખ્ખો, તુમ યે લિખ્ખો, તુમ યે લીખ્ખો....! કિસીસે નહીં પૂછ રહે હંય, ક્યા સવાલ થા ! અબ કિસીસે યે નહીં પૂછ રહે હંય કે તુમ્હારા ક્યા સવાલ થા ? ઔર જબ યહાં તક બતા ચૂકે, તો કહા તુમ યે આગે બળ્હાઓ, તુમ યે આગે બળ્હાઓ, તુમ યે........ એક હર્ફ હમ લિખતે હંય તો બહત્તર (૭૨) મર્તબા પળ્હતે હંય ! પતા નહીં કોઈ લફઝ સહીહ હય યા ગલત ! મગર યહાં...! ઉસમેં હવાલે ભી હંય, ઉસમેં અરબી ઈબારતેં ભી હંય, ઉસકે અંદર કિતાબોંકે હવાલે ભી હંય ઔર ઉસકે બાદ કિતના મુત્મઈન હય વો કે સુનતા ભી નહીં હય કે ક્યા તુમને લિખ્ખા ? લે જાઓ ! લે જાઓ ! એક વક્તમેં ઈતની બાતોં કી તરફ તવજ્જોહ હોના....!

મૈં કહતા હૂં ઈમ્તેહાન કર લો. દો બિઠા દો, ખત લિખનેકે લિએ. દોનોં કો મઝમૂન બતાઓ. તો મુઝે યકીન હય કે એક કો તુમ કોઈ મઝમૂન બતાઓગે, ઔર જબ દુસરે કો બતાઓગે તો કહોગે, ક્યા લિખ્ખા ? યહા, અચ્છા, તુમને ક્યા લિખ્ખા ? કહેગા, યે લિખ્ખા. તો

અબ યે લિખ્ખો. ઈસકે બગૈર તુમ દો ખત મુકમ્મલ નહીં કર સક્તે. તો ક્યા કોઈ અયસા ભી મુફતી હય જો યૂં ફત્વા બતાતા હો ? ક્યા કોઈ અયસા ભી મુફતી હય ? !

મૈં આપકો બતાઉ, મામૂલી બાત નહીં હય. એક મસઅલા આયા વો વરાસત કે તઅલ્લુક સે થા. ઉસકો હલ કરનેવાલી શખ્સિયતેં ભી મામૂલી નહીં થી. હઝરતે સદરૂશ્શરીઅહ મુસન્નિફે બહારે શરીઅત ઔર દૂસરે મખ્દૂમુલ મિલ્લત હુઝૂર મોહદ્દિષે આઝમે હિન્દ. ઈન દોનોં કો વો સવાલ દે દિયા ઉસ મુફતીને, જિસકા ઝિક્ર મૈં કરના ચાહતા હૂં. સવાલ કા જવાબ ઈતના પેચીદા થા કે પૂરા દિન સર્ફ હો ગયા. સુબ્હસે શામ તક બૈઠે રહે, યે બુઝુર્ગવાર હલ કરતે રહે. વાલિદે બુઝુર્ગવાર કયૂં કે હિસાબમેં કુછ ઝયાદા તેઝ થે તો સદરૂશ્શરીઅહ કે જવાબ સે દો મિનટ પહલે ઉનકા જવાબ મુકમ્મલ હો ગયા ! ઔર દોનોં જવાબ લેકર આયે ઔર લાકર કે ઉસ મુફતીકે સામને (સવાલ) સુનાના શુરૂ કિયા. જૈસે હી સુનાના શુરૂ કિયા, મુકમ્મલ સવાલ હી એક સફાકા થા. ઔર જવાબ દો સફે પર હૂઆ. તો પેહલે સવાલ સુના, સુનને કે બાદ વો મુફતી કહતા હય, ઉંગલિયોં કા યૂં યૂં કુછ ઈશારા કિયા.... ઉન ઈશારોં મેં જિતને સેકંડ ભી લગે હો, લગને કે બાદ કહા, આપને ફલાંકો ઈતના દિયા, ફલાંકો ઈતના દિયા, ફલાંકો ઈતના દિયા... નામ લે લે કર કે બતાતે ગએ, ઔર આપ ફર્માતે ગએ, હાં ઠીક હય મૈંને યહી કિયા, હાં ઠીક હય મૈંને યહી કિયા, હાં ઠીક હય મૈંને યહી કિયા.... મુકમ્મલ બતા દિયા. ફિર કહા અચ્છા, અયસા કિયા તો જવાબ સહીહ હય ! અબ યે સારે તો હયરાન ! મૈં તો દિનભર ઈસમેં લગા રહા યે ઉંગલીકે ઈશારે મેં ક્યા થા ? ! આપ ખ્યાલ કરો. સોચો, સમજો ! ક્યા અયસા ભી કોઈ મુફતી નઝર આતા હય ?

## ★ એક માહમેં કુર્આન હિફ્ઝ કર લિયા ! ★

દેખો ! હાફિઝેવાલે તો બહોત મિલતે હૈં મગર એક હાફિઝેવાલા અયસા ભી  તો થા કે જિસને હઝરત મોહદ્દિષે સૂરતી સે એક અહંમ કિતાબ ઔર ઝખીમ કિતાબ લી થી, મુતાલિએ કે લિએ. સુબ્હસે શામ તક પૂરી કિતાબ દેખ ડાલી. કિતાબ  દેખ લી ? કહાં, હાં ! અયસી દેખી હય, અયસી દેખી હય કે, ઈસકા મઝમૂન અબ ઉળકર નિકલ નહીં સક્તા, ઔર અરસએ દરાઝ તક તો ઈસકી ઈબારત કે હર હર્ફ ભી સુના સક્તા હૂં, આપ ખયાલ કરે ! આપ સોચે ! ક્યા ઈસી તરાહ કા કોઈ મુફસ્સિર નઝર આયા ? ક્યા ઈસી તરહ કા કોઈ મોહદ્દિષ નઝર આયા ? ઈસ લિએ  મૈં કહતા હૂં મૈં અપને મમદૂહ ઔર જિસ મહમૂદ કા ઝિક્ર કરને બૈઠા હૂં ઉસકો આલિમ કહતા હૂં તો મુઝે તસ્કીન નહીં હોતી, મુફસ્સિર કહતા હૂં તો મુઝે સુકૂન નહીં મિલતા. મોહદ્દિષ કહતા હૂં તો સમઝતા હૂં કે હક્ક઼ તો યહ હય કે હક્ક઼ અદા ન હૂવા. કોઈ ભી લફ્ઝ મૈં બોલતા હૂં. ઈસ લિએ કે યે અલ્ફાઝ જિન જિન લોગોં પર બોલે જાતે હંય ઉન્હેં ભી મૈં જાનતા હૂં. ફિર મેરી તબીઅત કહતી હય કે આખિર યે ક્યા થા ?! તો અયસા જવાબ ઔર વો ભી એક ઈલ્હામી જવાબ આતા હય, નાદાન ! મોહદ્દિષ ઔર મુફસ્સિર કહકે તૂ ઉસ ઝાતકો નહીં પેહચાન સક્તા. સુન ! અચ્છી તરહસે સુન ! **વો ખુદાકી કુદરતકા શાહકાર થા, વો નબીકા મોઅજિઝા થા, વો ગૌષે આ'ઝમ કી કરામત  થા.** (દુરૂદ શરીફ)

## ★ આખિર અ'લા હઝરત હૈ ક્યા ?! ★

દોસ્તો ઔર મૈં તો સમઝતા હૂં દુસરી દર્સગાહોં મેં લોગ જાકર મૌલ્વી બનકર આતે હંય. મગર, **યે 'ઈમામ અહમદ રઝા' હી કી દર્સગાહ હય જહાં જાતે હંય તો આશિક઼ બનકે આતે હંય.**

**ઈન્હોંને નબીકે આશિકોં કી ભીળ લગા દી હય,** હર તરફ 'મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ' પળ્હનેવાલોં કા એક મજમા લગા હય, એક ભીળ લગા દી હય, ઈસલિએ કે એક વજહ હય આશિક કયૂં બનાયા ? એક વજહ હય 'હઝરત ઈમામ અહમદ રઝા' સિર્ફ આકિ઼લ બનાકર ભી છોળ સકતે થે. મગર વો સમઝતે થે કે અક઼લ તો ફરેબ દે દેગી, ઈશ્ક઼ કભી ફરેબ નહીં દેગા. ઈશ્ક઼ કભી ધોકા નહીં દેગા, ઈસલિએ, તો હમ દેખતે હંય કે અક઼લવાલે મારે મારે ફિર રહે હય ! ઔર ઈશ્ક઼વાલે મદીનેસે લૌ લગાયે હૂએ હંય.

તો દોસ્તો, મેરી ઝુબાનમેં તાક઼ત નહીં હય કે રબ તબારકો તઆલા ને ઐસી ઝાતકો જિસે દીનકી હિદાયત કે લિએ ઉસને પૈદા હી કિયા હય. યે સિખનેવાલે નહીં હંય, સિખનેવાલે હંય. ઔર વાક઼ઈ જબ વો સવાલ, વાલિદે બુઝુર્ગવાર (મોહદ્દિષે આ'ઝમ) ને જબ કિયા થા કે હુઝૂર ! મૈં તો દિન ભર ઈસ સવાલમેં લગા રહા જબ જા કે જવાબ સહીહ હૂઆ, આપકે પાસ યે ઉંગલિયોંવાલા કૌનસા ઈલ્મ હય ! યે ઉંગલિયાં હિલાકર આપને જવાબ કયસે દે દિયા ?! તો ઉન્હોંને યે કહા થા, શાહઝાદે ! યે તો આપકે જદ્દે કરીમ ગૌષે આ'ઝમ رضی اللہ عنہ કી નઝર હય, ફયઝાન હય, યે ઉનકી દૈન હય.

ઝરા સા ખ્યાલ કરો, સોચો, સોચો ! ઈસ લિએ આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી કા તઆરૂફ કોઈ કરાના ચાહે તો ઈસ હયસિયતસે ન દેંખેં કે વો એક આલિમ હય, એક મોહક્કિ઼ક઼ હંય, એક મુજદ્દિદ હંય, એક અપને વક્તકા ઈમામ હંય, ફક઼ીહ હંય... ઈસ હયસિયતસે ન દેંખેં. દેખના હય તો ઈસ હયસિયતસે દેખો કે વો ગૌષે આઝમકી કરામત હય, અલ્લાહ કે રસૂલ કા મોઅજિઝા હય, વો ખુદાકી બેહતરીન કુદરત હય. (દુરૂદ શરીફ)

**સલ્લલ્લાહુ અલન નબીય્યીલ ઉમ્મીય્યિ વ આલિહિ વ અસ્હાબિહિ અજમઈન, બિરહતમતિ-ક યા અર્હર્મરાહિમીન.**




# એક સર્વ ક્ષેત્રિય શખ્સિયત


:: સંપાદક ::

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*



:: PUBLISHER ::

**JAMAAT-E-RAZA-E-MUSTAFA-CHICAGO**

Masjid-E-Ayesha Siddiqah
2409B W Devon Ave, CHICAGO (U.S.A.)

Ph. 7738019101 Email: makki92@gmail.com

ઓક્ટો.૨૦૧૪ **પ્રાપ્તિસ્થાન** આવૃત્તિ :3

સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)

મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦

ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

નૂરાની આર્ટ-દયાદરા મો. ૯૪૨૭૪૬૪૪૧૧

**શું તમે સુન્ની છો અને તમારે ત્યાં "કન્ઝુલ ઈમાન" નથી !!**

આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામે અહલે સુન્નત, શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ ની નૂરાની કલમે કલામુલ્લાહનો ઉર્દૂમાં સર્વશ્રેષ્ઠ તર્જુમો તથા સદરૂલ અફાઝિલ હઝરત મૌલાના સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદીની લખેલ તફસીર એટલે....

**કન્ઝુલ ઈમાન**

**વ ખઝાઈનુલ ઈરફાન**

(ગુજરાતીમાં)

**હદીયો** : ૩૫૦/– રૂા. (ટપાલ ખર્ચ : ૫૦/–)

**ગુજરાતી અનુવાદક** : મર્હૂમ મૌલાના હસન આદમ કોલનવી સાહબ (ફાઝિલે દારુલ ઉલૂમ શાહે આલમ, અમદાવાદ)

આ અણમોલ તોહફો આપના ઘરોમાં વસાવો, વાંચો, વંચાવો અને તમારુ પુત્રીઓ–બહેનોને શાદીઓમાં ભેટ રૂપે જરૂરથી આપો.

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧